# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/–આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/– (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર– ૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮. (૧)**

**You can download the pdf file of Adhyatma From Website www.swargarohan.org**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વર | ૧૫ |
| ધ્યાનનો ચમત્કાર | પૂ.મોટા | ૨૨ |
| સંત સમાગમ : ચેતના-સંબંધ | તરલાબહેન દેસાઈ | ૨૬ |
| સરોજથી પૂ.શ્રીમા સર્વેશ્વરીની દિવ્ય યાત્રા | પૂજા ત્રિવેદી | ૩૭ |
| શ્રદ્ધા ચમત્કાર સર્જે છે | ભાણદેવ | ૪૫ |
| સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન | યોગેશ્વરજી | ૫૦ |
| ઉત્તમ ભાવનાથી કર્મનું સ્વરૂપ બદલાઈ જાય | વિનોબા ભાવે | ૫૯ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

—શ્રી યોગેશ્વરજી

## સાધકની ફરિયાદ અને તેના ઉપાય

કેટલીકવાર મને સાધકો તરફથી પૂછવામાં આવે છે કે જપ કે ધ્યાન કરવા બેસીએ છીએ ત્યારે મન સ્થિર કેમ રહેતું નથી ? જપ ને ધ્યાનમાં આનંદ કેમ નથી આવતો ? તેના ઉત્તરમાં કહેવું પડે છે કે મન સ્થિર રહેતું નથી, ને આનંદ આવતો નથી તેનું મુખ્ય કારણ પાયાનો અભાવ છે. જેમ મજબૂત મકાનને માટે મજબૂત પાયાની જરૂર છે, તેમ સ્થિરતાપૂર્વકની સંગીન સાધનાને માટે સંગીન તૈયારીની જરૂર છે. માણસોમાં વધારે ભાગે એવી તૈયારીનો અભાવ હોય છે, એટલે આગળનું કામ નીરસ જેવું થઈ પડે છે. પહેલા ધોરણને પાસ કરીને કોઈ વિદ્યાર્થી સીધો સાતમા ધોરણમાં બેસી જાય ને પછી ફરિયાદ કરે કે સાતમા ધોરણની વાતોમાં મારું મન લાગતું નથી તો તેની ફરિયાદના જવાબમાં શું કહીશું ? આપણે તરત જ કહીશું કે ભાઈ, મન ના લાગે તેમાં નવાઈ જેવું કાંઈ જ નથી. જો ક્રમવાર અભ્યાસ કર્યો હોત તો આવી ફરિયાદ રહેત જ નહીં.

તે પ્રમાણે સાધકોને પણ આપણે કહીશું કે તમે પાયાને મજબૂત કર્યો નથી એટલે કે દૈવી સંપત્તિને મેળવી નથી, સદાચાર ને સદ્‌ગુણોથી સુશોભિત થવા પાછળ બરાબર ધ્યાન આપ્યું નથી; મનની ને સ્વભાવની મલિનતાને દૂર કરવા પૂરો પ્રયાસ કર્યો નથી એટલે મન સ્થિર થતું નથી, જપ તથા ધ્યાનમાં આનંદ આવતો નથી. છતાં નિરાશ થવાની જરૂર નથી. આવી

મુશ્કેલીઓનો સામનો સૌને કરવો પડે છે. આવી ફરિયાદો બધા જ સાધકો કરે છે. તેવી ફરિયાદોથી નાહિંમત થવાની જરૂર નથી. આગળ વધેલા માણસોને પણ આવી મુશ્કેલી સતાવે છે. તેથી હતાશ થયા વિના કામ ચાલુ જ રાખવું. મન જો સ્થિર થઈ જશે ને આનંદ આવવા માંડશે તો પછી બાકી શું રહેશે ? પછી તો પરમાત્માની પૂર્ણ કૃપા જ બાકી રહેશે. તે તો છેવટની દશા છે. ને તેને આવતાં સમય લાગશે આ તો વચગાળાની દશા છે. તેને સંભાળપૂર્વક પસાર કરો, ને સાધના કરતાં જ રહો. સાધનાના પ્રભાવથી આવી ફરિયાદો આપોઆપ દૂર થઈ જશે.

ગમે તેટલા ભારે અધ્યયનથી, વિદ્વત્તા કે તર્કથી છેવટની શાંતિ મળી શકશે નહીં. છેવટની શાંતિને મેળવવા માટે તો અનુભવની દુનિયામાં ઉતરવું પડે છે, અથવા કહો કે સાધનામાં પ્રવેશ કરવો પડે છે. શાંતિ ને સુખનો સનાતન ખજાનો માણસની પોતાની અંદર છે. તેને મેળવવા પોતાની અંદર જ દૃષ્ટિપાત કરવો જોઈએ. એટલે છઠ્ઠા અધ્યાયમાં ગીતામાતા આપણી સામે પોતાની અંદર ઉતરીને પરમ શાંતિ મેળવવાની વિધિની રજૂઆત કરે છે.

એકાંત સ્થાનમાં સત્ત્વગુણી બનીને અનુકૂળ રીતે આસન પર બેસવું, ને પછી યોગ કે સાધનાની શરૂઆત કરવી. શાને માટે ? એકાંતમાં બેસીને જે સાધના યોગની શરૂઆત કરવાની છે, તેનો હેતુ શો છે ? પોતાની જાતની શુદ્ધિ. શુદ્ધિ ? હા શુદ્ધિ. જો કે યોગસાધનાની શરૂઆત કરતાં પહેલાં હૃદયની શુદ્ધિ તો કરવી જ પડે છે. પરંતુ યોગની આગળની સાધના તે શુદ્ધિને સંપૂર્ણ કરે છે. હૃદયની શુદ્ધિ સંપૂર્ણ ક્યારે થાય ? જ્યારે તેની અંદર



પરમાત્માનું પ્રતિબિંબ દેખાય ત્યારે, પરમાત્માનું દર્શન થાય ત્યારે. દર્પણની પૂરી શુદ્ધિ ત્યારે જ થાય છે જ્યારે તેમાં આપણું સ્વરૂપ સુંદર રીતે દેખાઈ આવે છે. જો હૃદયશુદ્ધિ સંપૂર્ણ સધાઈ હોત, તો પરમાત્માનું દર્શન સહેલું ને સહજ બની જાત. એટલે પરમાત્માનું દર્શન ના થાય ત્યાં સુધી તે અધૂરી છે એમ જ માનવાનું છે ને તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરતા રહેવાનું છે. આ પ્રયાસ કે સાધનાને યોગ કહે છે. માટે જ ગીતા કહે છે કે યોગ પોતાની જાતની વિશુદ્ધિ માટે છે. **योगमात्म विशुद्धये ।**

સમુદ્રને તળિયે રહેલાં મોતીને શોધી કાઢવા ખલાસીઓ કેવી ભયંકર સાધના કરે છે ! આત્માનું મોતી તેથી પણ ભયંકર ને સતત સાધના માગી લે છે. તે મોતીને શોધવા માટે સાધકે પોતાની અંદર ને અંદર ઉતરવાનું છે. જ્યારે આત્માનું મોતી મળી જાય છે, ત્યારે યોગ પૂરો થાય છે, ને સાધનાનો અંત આવે છે.

યોગના સાધકે સાધના કરતી વખતે શરીર, મસ્તક ને ડોકને સીધાં રાખવા ને નાસિકાગ્ર દૃષ્ટિ કરીને સ્થિર રીતે બેસવાની ટેવ પાડવી. આ વાતની ચર્ચા કરતાં ઋષિકેશમાં એક વિદ્વાન સંન્યાસી મહારાજે મને કહ્યું કે આ પદ્ધતિથી મન સહેલાઈથી સ્થિર થઈ શકે છે. આંખને બંધ રાખવાથી ઊંઘ આવવાનો સંભવ રહે છે. આંખને અડધી ઉઘાડી રાખવાથી તેવો સંભવ પણ રહેતો નથી. પણ મને તે ખુલાસો બરાબર ના લાગ્યો. આંખને અર્ધી ઉઘાડી રાખીને સ્થિરતા રાખવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. તે વાત જરાક જેટલો અનુભવ કરવાથી સહેજે સમજી શકાશે. જે સાકાર ભક્તો છે, તે તો શરૂઆતમાં ઉઘાડી આંખે પ્રભુની મૂર્તિ કે છબીને જુએ ને જપ તથા ધ્યાન કરે તે

વધારે સારું છે. તેમ કરવાથી આનંદ ને એકાગ્રતાનો અનુભવ વધારે પ્રમાણમાં ને સરળતાથી થશે. બાકી જે જ્ઞાની ને યોગી છે તેમને માટે આંખ બંધ કરવાનું કે નાકના આગળના ભાગ તરફ જોવાનું એમ બે પ્રકારના વિધાન મળે છે, તેમાંથી પોતાને અનુકૂળ લાગે તેનો આધાર લઈને આગળ વધી શકાય છે. બાકી આંખને બંધ રાખીને સાધના કરવાની પદ્ધતિ કઠિન છે એમ માનવું ભૂલભરેલું છે. વધારે ભાગના સાધકોને તો તે જ સાધન વધારે સહેલું લાગે છે.

પરમાત્માના દર્શન માટે આ પ્રમાણે નિયમિત ને સતત સાધના કરવી જોઈએ. ધીરે ધીરે મન શાંત થતું જશે, ને સાધનામાં આનંદ આવશે. યોગશાસ્ત્રમાં કહેલી કુંડલિની પણ જાગૃત થશે ને ધ્યાનની દશા પાકી થશે તેમ બીજા અનેક અનુભવોની પ્રાપ્તિ થશે. ધ્યાનની પાકી દશા પછી જે અનુભવો થાય છે, તેનું વર્ણન પાતંજલ યોગદર્શનમાં સારી પેઠે કરવામાં આવ્યું છે. તેમાં જ્યોતિદર્શન, સિદ્ધ પુરુષોનાં દર્શન, પૂર્વજન્મનું જ્ઞાન તથા ભૂતભાવિના જ્ઞાનના અનુભવો ખાસ ઉલ્લેખનીય છે. એવા અનુભવોથી સાધકને આનંદ આવે છે. પણ તેવા અનુભવો સૌ કોઈને થાય છે જ એમ નથી. સાધકોના વ્યક્તિગત અનુભવો જુદા જુદા હોય છે. છતાં સાધનામાં એકાગ્રતા ને આનંદનો અનુભવ તો બધા જ સારા સાધકોને થાય છે.

ધ્યાનના લાંબા અભ્યાસથી ધીરે ધીરે મનનો લય થાય છે, ને સાધક સંસાર તથા શરીરના ભાનને તદ્દન ભૂલી જાય છે. સાધનાના સાચા આનંદની પ્રાપ્તિ યોગમાર્ગના સાધકને આ પછી જ થઈ શકે છે. આ દશાની પ્રાપ્તિ વિના યોગની સાધના હજી સાધારણ



શરૂઆતની દશામાં છે એમ જ કહી શકાય. શરીરથી ઉપર જવાની દશા ખૂબ અલૌકિક છે ને લાંબા વખતની સાધના કર્યા પછી જ મળી શકે છે. તે દશાની પ્રાપ્તિ પછી જીવનમાં ઉલ્લાસ ફરી વળે છે, શાંતિ છવાઈ જાય છે, ને પરમાત્મારૂપી પરમ મોતી હાથ લાગે છે. જીવન ધન્ય બની જાય છે. પરમાત્માની અનુભૂતિ કરીને જેણે પરમશાંતિની પ્રાપ્તિ કરી લીધી, તેનું કુળ પાવન થયું ને તેની જનેતાનો જન્મ પણ સફળ થયો.

★ જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થાનું આક્રમણ નથી, ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ અને ઉંમર પણ ઢળી નથી ત્યાં સુધીમાં વિદ્યા અને આત્મકલ્યાણ માટે પ્રયત્ન કરી લેવો જોઈએ, અન્યથા ઘરમાં આગ લાગી ગયા પછી કુવો ખોદવાનો પ્રયત્ન કરવાથી શો લાભ?

★ સ્મશાન પાસેથી પસાર થઈએ છીએ તો પણ અમરતાના અભરખા ઓછા થતાં નથી.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૪૦ જાન્યુઆરી–૨૦૧૮ અંક ૪**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ

### દિન ૪૮

### તા. ૩-૧-૮૩, સોમવાર, માગશર વદ પાંચમ ૨૦૩૯

### જોહાનિસબર્ગ-લેનેશિયા વિસ્તાર

આજે સવારે યજમાન પરિવાર દૂધ સાથે ગુલાબનાં બે ફૂલો પણ અંજલિરૂપે મોકલે છે. આખોયે પરિવાર સંસ્કારી છે. સંતો પ્રત્યે આદરભાવ રાખનારો છે. અહીંથી ૫૦, ૬૦, ૧૦૦ માઈલ દૂર પ્રવચનો રાખ્યાં છે. 'ત્યાં પણ આપણે અહીથી જ જઈશું. જેથી આપની સેવાનો અમને લાભ મળે.' એવું શ્રી મગનભાઈએ કહ્યું ત્યારે પૂ.શ્રીએ કહ્યું: અમને પણ અહીં ફાવી ગયું છે. આ ઘર ખૂબ પવિત્ર લાગે છે. અમને અહીં સારું લાગે છે. તેથી તમારી ભાવના પ્રમાણે અમે અહીં જ રહીશું. અમારાં હૃદયમાં જે પ્રતિભાવ પડ્યા તે જ અમે તો તમને જણાવીએ



છીએ કે, અમને અહીં સારું લાગે છે.

બપોરે વઘારેલી ખીચડી બનાવીને ભોજનમાં લઈએ છીએ.

ભોજન બાદ મુલાકાતમાં એક ભાઈ મળવા આવે છે, જેઓ કર્મકાંડી બ્રાહ્મણ છે. તેમણે યોગદર્શન, ગીતાદર્શન, રામાયણદર્શન જેવાં પૂ.શ્રીનાં પુસ્તકો વાંચ્યાં છે. તેઓની સાથે વાતો થાય છે.

મુલાકાત બાદ શહેરમાં ફરવા લઈ જવા શ્રી રતિભાઈ આગ્રહ કરે છે. પરિણામે આજે ફરવા જવાનું બને છે. સાથે યજમાન પણ આવે છે.

લેનેશિયાથી ગાડી આગળ ચાલે છે. બહાર સખત તાપ છે, પણ રતિભાઈની ગાડીમાં એરકન્ડિશનની સગવડ છે તેથી ઠંડક રહે છે.

શહેર નજીક આવતાં જ બન્ને બાજુ પીળી માટીવાળા ઢગલા અમને બતાવ્યા, જે માટીમાંથી સોનું નીકળ્યું હતું. હજી પણ એ માટીના ઢગલામાંથી કોઈક બીજી ધાતુઓ મળી રહી છે, તેથી પર્વતમાંથી નીકળેલી એ માટીનું ફરીથી શોધન થઈ રહ્યું છે.

ખાણમાંથી નીકળેલી એ માટીના ઢગલાનો આકાર પર્વત જેવો જ હતો. એના ઉપર બહારની ધૂળ ન લાગે તે માટે અમેરિકાથી બી મંગાવીને એના ઉપર ઘાસ ઉગાડ્યું છે, જેથી તે માટીના ઢગ ઢંકાઈ ગયા છે.

ખાણ અંદરથી જોવા જઈ શકાય છે; પરંતુ મંજૂરી લેવાની હોય છે.

આગળ જતાં શહેરનાં અંદરના ભાગમાં દુનિયાની જાણીતી

યુનિવર્સિટી જોવા મળી. દક્ષિણ આફ્રિકાની તે સૌથી મોટી યુનિવર્સિટી છે.

વળી, ઈન્ડિયનો શહેરમાં વેપાર-ધંધો કરતા તેમને ત્યાંથી ખાલી કરાવી દશેક વર્ષ ઉપર શહેરની બીજી બીજુએ વેપારી મથક બંધાવીને ત્યાં ખસેડ્યા તે ઘણી વિશાળ જગ્યા પણ જોઈ. સરકારે ત્યાં હજારોની સંખ્યામાં દુકાનો બાંધી છે, જ્યાં ઈન્ડિયનોનો સારો ધંધો ચાલે છે.

ત્યાં પણ ગાડીમાં જ બેઠાં બેઠાં નજર નાખી લીધી. સિટી હૉલ, સિવિક્સ સેન્ટર, પચાસ માળનાં મકાનો પણ જોયાં. જોહાનિસબર્ગ ડરબન કરતાં દશ ગણું મોટું છે. આખાયે શહેરમાં આપણે ગમે ત્યાં ફરી શકીએ. જોકે આખોયે વિસ્તાર યુરોપીયનો માટેનો જ હતો. અહીં જે ઈન્ડિયન વિસ્તાર છે તે લેનેશિયા નામે ઓળખાય છે. એશિયા શબ્દ અહીંના લેનેસ નામના સ્ટેશન સાથે જોડી દીધો છે. અહીં રોડનાં નામ પશુ-પંખીઓનાં નામથી આપેલાં છે.

ઉતારા ઉપર આવી આરામ કર્યો.

સાંજે ધ્યાનની સમૂહ બેઠક હતી. તેમાં પંદર-વીસ ભાઈબહેનોએ ભાગ લીધો. પૂ.શ્રીએ અડધો કલાક સમજ આપી. પછી વીસ મિનિટ સૌ ધ્યાનમાં બેઠાં. થોડી પ્રશ્નોત્તરી પણ થઈ. સૌ વિદાય થયાં. પછી, અમે સાંજના અલ્પાહારમાં ફળો લીધાં.

રાત્રે આઠ વાગ્યે હૉલમાં પ્રવચન હતું. મોટા એરકન્ડિશન થિયેટર જેવો તેનો દેખાવ હતો અને તેમાં વિશાળ મંચ હતો. બે સોફા ઉપર બેસવાનું બન્યું. શરૂઆતમાં પરિચય અપાયો.



ત્યારબાદ ફૂલનાં હાર ને કલગીથી સ્વાગત થયું. પૂ.શ્રીએ પોતાનું પ્રવચન ગુજરાતીમાં આપ્યું.

આ દેશમાં દરરોજ ફૂલહારથી સ્વાગત કરવાને બદલે કાર્યક્રમના પ્રથમ દિવસે જ એ રીતે સ્વાગત થાય; અને પછીના બધા જ કાર્યક્રમો, તે કોઈ પણ સંસ્થાના હોય તોપણ ત્રણ વાર ગાયત્રીમંત્ર સમૂહમાં બોલીને જ શરૂ થાય. તે આ દેશની વિશેષતા છે.

પ્રવચન બાદ ભજન, ધૂન ગવાયા બાદ આરતી થઈ. પછી સૌ વિદાય થયાં. કેટલાંક મંચ ઉપર પ્રણામ કરવા આવ્યાં. કેટલાંક ભાઈ બહેનો સો કિલોમીટર દૂરથી પ્રવચન સાંભળવા આવ્યાં હતાં. તેઓ પૂ.શ્રીને મળે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. ધ્યાનની બેઠક અંગે ખાસ જાહેરાત નથી કરી છતાં તેમાં સંખ્યા સારી હતી. તેથી, હવે જાહેરાત કરીને હૉલમાં ધ્યાનનો વર્ગ ચાલુ કરવાની વાત વિચારવામાં આવી.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો. જોહાનિસબર્ગની ગુજરાતી જનતાએ આજે ઘણી મોટી સંખ્યામાં હૉલમાં હાજરી આપીને પૂ.શ્રીના પ્રવચનનો લાભ લીધો. આ શહેરમાં પૂ.શ્રીના ઘણાં પુસ્તકો વંચાયા છે. એનો ઉલ્લેખ પણ આજના પરિચયમાં સંચાલકે કર્યો હતો. જનતા પણ ભાવિક છે, પ્રેમાળ ને શ્રદ્ધાભક્તિથી સંપન્ન છે. પૂ.શ્રીએ પણ જનતાના ઉત્સાહને જોઈને કહ્યું : આવાં સ્થળોએ પ્રવચનો વધારે ગોઠવવા જોઈએ, જેથી જનતાને વધુ ને વધુ લાભ મળે.

★ ★ હરિઃ ૐ ★ ★

## દિન ૪૯

### તા. ૪-૧-૮૩, મંગળવાર, માગશર વદ છઠ ૨૦૩૯

### લેનેશિયા- જોહાનિસબર્ગ

આજે પણ સવારે દૂધ સાથે સુંદર ગુલાબનાં બે ફૂલો યજમાન પૂ.શ્રી પ્રત્યેના આદરભાવને વ્યક્ત કરવા મોકલે છે. વળી, સાડા બાર વાગ્યે પૂ.શ્રી સાથે અમે બેઠક ખંડમાં જઈએ ત્યારે પણ સૌ ફૂલો આપીને જ પ્રણામ કરે તે જુદું. પ્રેમભાવ વિના કોણ આવું કરી શકે? વળી, દરરોજ પૂ.શ્રી ભોજન કરે તે પછી ઘરનાં બધાં જ ફૂલ આપીને પ્રણામ કર્યા બાદ જ ભોજન કરવાનો આગ્રહ રાખે છે. ધન્ય છે એમની ભાવનાને.

આજે પણ નિત્યકર્મ પછી, હાથે જ ખીચડી બનાવી લીધી.

ભોજન બાદ મુલાકાત શરૂ થઈ. આજે બેઠકના ઓરડામાં દશ-બાર ભાઈબહેનો બેઠાં છે. સૌ પ્રણામ કરે છે. કેટલાંક ફૂલ આપીને પ્રણામ કરે છે. ત્યાં જ લગભગ દરરોજ ફોનથી મળતા શ્રી શાંતિભાઈનો ડરબનથી ફોન આવે છે. તેઓ અમે ગમે ત્યાં હોઈએ તોપણ એ રીતે ભાવપ્રેમથી મળે છે.

ફોનની વાતચીત બાદ, અહીં શ્રી સાંઈબાબા સત્સંગ મંડળ ચાલે છે તેના સંચાલક ને તેમનાં પત્ની પણ અમને મળવા આવ્યાં છે. તેમની સાથે પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ વાતો કરવી પડે છે. રોમન કેથોલિક ધર્મનાં તે દંપતી છે.

તેમણે પ્રશ્નો અંગ્રેજીમાં પૂછ્યા.

પ્રશ્નઃ મેં રોમન કેથોલિક ધર્મ છોડ્યો ને હિન્દુ ધર્મ અપનાવ્યો, તો ઘણાં કહે છે કે મેં ભૂલ કરી છે. મને તો તે ભૂલ લાગતી નથી.



પૂ.શ્રીઃ જુઓ ધર્મ તો બહારની બાબત છે.

તમે ચર્ચમાં જાઓ કે મંદિરમાં જાઓ, બન્ને સરખું જ છે. આત્માને તો કોઈ મંદિર કે કોઈ ચર્ચ નથી. માર્ગ તો તમારો પ્રભુનો જ છે. અને તે તમારા હૃદયને જો સાચો લાગ્યો છે તો તેને જ વળગી રહો.

હજારો યુરોપીયનો હરેકૃષ્ણ ચળવળમાં જોડાય છે. ઘણાં હિન્દુઓ ખ્રિસ્તી બને છે. તો, તમારા પર કોઈએ બળજબરી તો કરી નથી. તમે જાતે જ જોડાયા છો, તેથી તેમાં કશું જ ખોટું નથી.

પ્રશ્ન : હું શાકાહારી બન્યો છું. લોકો એ અંગે પણ ટીકા કરે છે.

પૂ.શ્રી : તમે પશ્ચિમના જ ડૉકટરોના રિપોર્ટ વાંચશો તો માંસાહારથી શરીરમાં વિવિધ રોગો થાય છે એવું જણાશે.

મહાપુરુષોમાંના એક મહાપુરુષ ગાંધીજી સંપૂર્ણ શાકાહારી હતા, છતાં એમના જીવનમાં ને કાર્યમાં કેવી શક્તિ હતી! દયાનંદ સરસ્વતી, અરવિંદ, રામકૃષ્ણદેવ, તિલક વિગેરે શાકાહારી જ હતા અને કેવી આધ્યાત્મિક શક્તિથી તેઓ સંપન્ન હતા તે સૌ જાણે છે.

લોહી પીવું ને માંસ ખાવું તે તો વાઘ-સિંહનો ખોરાક છે. અનાજ, શાકભાજી, ફળો, ચોખ્ખું દૂધ બધું જ મળે છે ત્યારે આપણે તો તે જ ખાવું જોઈએ.

(ક્રમશઃ)

# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

—શ્રી યોગેશ્વરજી

**પ્રશ્ન :** ધ્યાનમાં પ્રાણાયામ તથા મુદ્રાનો અભ્યાસ અનિવાર્ય છે ?

**ઉત્તર :** ના, અનિવાર્ય નથી. પ્રાણાયામ તથા મુદ્રાના અભ્યાસ સિવાય પણ ધ્યાનની સાધના થઈ શકે છે. ધ્યાન કરતી વખતે આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ કરવામાં આવે છે એ તો એક આનુષંગિક પૂરક સાધન તરીકે. તેના વિના ધ્યાન થાય જ નહીં એવું નથી સમજવાનું. એ અભ્યાસથી કેટલાક શારીરિક અને માનસિક લાભો થાય છે, તો પણ ધ્યાનની સાધના એક સ્વતંત્ર, નિરાળી, પરિપૂર્ણ સાધના છે. એનો આધાર કોઈપણ પ્રકારના બીજા અભ્યાસ વિના સીધો જ લઈ શકાય છે. એનો આધાર લઈને સાધક સિદ્ધાવસ્થાના શાંત સમુન્નત સુમેરુ શિખર પર પહોંચી શકે છે. ધ્યાનમાં ધ્યાન સિવાય બીજા કશાનો અભ્યાસ અનિવાર્ય નથી.

**પ્રશ્ન :** ધ્યાન દિવસે કરવું જોઈએ કે રાતે કરવું જોઈએ ?

**ઉત્તર :** ધ્યાન દિવસે પણ કરવું જોઈએ અને રાતે પણ કરવું જોઈએ. એને માટે દિવસ કે રાતનું કોઈ બંધન નથી. જ્યારે પણ સાનુકૂળ સમય હોય ત્યારે એનો આધાર લઈ શકાય છે. કેટલાકના આદરપ્રિય અભિપ્રાય પ્રમાણે રાતે જ્યારે ઉંડી શાંતિ હોય છે, તે સમયે થોડોક વખત ધ્યાન જે તે અંતરંગ સાધના માટે કાઢવામાં આવે એ વધુ ઈચ્છવા યોગ્ય છે. એ અભિપ્રાય આધાર વગરનો અને અનુચિત તો નથી જ. છતાં પણ ધ્યાનના અભ્યાસની અભિરુચિ જાગશે પછી દિવસે કે રાતે જ્યારે પણ



સમય મળશે ત્યારે ધ્યાન કરવાનું જ વલણ રહેશે. જેમને વધારે વખત ના મળતો હોય તેમણે રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં અને રાતે સૂતા પહેલાં કે સૂર્યાસ્ત સમયે ધ્યાન કરવાની ટેવ પાડવી. એ ટેવ લાંબે ગાળે ખૂબ જ લાભકારક થશે.

**પ્રશ્ન :** ધ્યાનમાં જુદાં જુદાં દર્શન થાય છે એ સાચું છે ?

**ઉત્તર :** સાચું છે. ધ્યાનમાં અમુક અવસ્થાએ પહોંચ્યા પછી જુદી જુદી જાતનાં દર્શનો થતાં હોય છે. સાધકો સાધનાના માર્ગમાં આગળ વધ્યા પછી એવા દર્શનોનો આનંદ મેળવી શકે છે.

**પ્રશ્ન :** એ દર્શનો કોનાં હોય છે ?

**ઉત્તર :** સિદ્ધ મહાપુરુષોનાં, દેવીદેવતાનાં તેમજ સાધકના પોતાના ઈષ્ટનાં.

**પ્રશ્ન :** જપનો આધાર લઈને ધ્યાન કરવું કે જપનો આધાર લીધા વિના ધરવું ?

**ઉત્તર :** જપનો આધાર લઈને કે જપનો આધાર લીધા સિવાય ધ્યાન કરવું તે વાતનો આધાર સાધકની પ્રકૃતિ અથવા રુચિ પર રહે છે. ધ્યાન બંને રીતે કરી શકાય છે. કેવી રીતે ધ્યાન કરવું તેનો નિર્ણય સહેલાઈથી ના કરી શકાય તો કોઈ અનુભવી પુરુષનું અથવા ગુરુનું માર્ગદર્શન મેળવવું અને તે માર્ગદર્શન પ્રમાણે આગળ વધવું. જપનો આધાર લઈને ધ્યાન કરવામાં આવે કે જપનાં આધાર વગર ધ્યાન કરવામાં આવે તો પણ ધ્યાનમાં મન એકાગ્ર થાય તે ખૂબ જ મહત્ત્વનું કહેવાય છે.

**પ્રશ્ન :** જપ પર પ્રેમ ન હોય તો જપ વગર ધ્યાન કરી શકાય ?

**ઉત્તર :** જપ પર પ્રેમ ન હોય તો પોતાના ઈષ્ટદેવ અથવા આરાધ્ય દેવનો આધાર લઈને તેમના સ્વરૂપને યાદ કરીને પણ ધ્યાન કરી શકાય. ધ્યાન કરનારા બધા જ સાધકો માટે નામજપનો આધાર લેવાની અનિવાર્ય આવશ્યકતા છે એવું નથી સમજવાનું.

**પ્રશ્ન :** વહેલા ઉઠીને ધ્યાન કરવાથી ઊંઘ આવે છે તો ઊંઘ ના આવે તેને માટે શું કરવું ?

**ઉત્તર :** વહેલા ઉઠીને ધ્યાન કરવાથી ઊંઘ આવતી હોય તો પૂરી ઊંઘ લઈને બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાન કરવું. પૂરેપૂરી ઊંઘ લીધા પછી બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને ધ્યાન કરવાનું સારું છે, મધરાતે ઉઠવાથી ઊંઘ કાચી રહેવાનો સંભવ હોય છે. તેથી પૂરી ઊંઘ લીધા પછી જ ધ્યાનમાં બેસવાનો આગ્રહ રાખવો.

**પ્રશ્ન :** કયો મંત્ર શ્રેષ્ઠ છે ?

**ઉત્તર :** કયો મંત્ર શ્રેષ્ઠ છે એ પ્રશ્ન જ નથી. બધા જ મંત્રો શ્રેષ્ઠ છે. મંત્રમાં આપણી રુચિ, શ્રદ્ધાભક્તિ હોય તે મંત્રને જપવાથી લાભ થાય છે. તે મંત્ર આપણે માટે સર્વોત્તમ બની જાય છે. તે મંત્રને શ્રદ્ધાભક્તિપૂર્વક વળગી રહેવું જોઈએ તો તે આપણે માટે ચમત્કારનું સર્જન કરી શકે છે.

**પ્રશ્ન :** મંત્ર યંત્રની પેઠે બોલાય તો ચાલે ?

**ઉત્તર :** મંત્ર યંત્રની પેઠે બોલવાને બદલે એના ભાવાર્થને યાદ રાખીને એનો આધાર પ્રેમપૂર્વક રસ સાથે લેવામાં આવે તો તે વધારે ઉપયોગી, તથા કલ્યાણકારક થઈ પડે છે. આરંભમાં મંત્રનું રટણ યંત્રની પેઠે થતું હોય તો પણ ધીરે ધીરે આગળ વધતા જઈએ તેમ તેમ તેનું રટણ રસપૂર્વક થવા લાગે છે, તથા



ચિન્મય બની જાય છે. યંત્રવત્ બોલાતા મંત્રથી પણ કોઈપણ પ્રકારનું નુકશાન નથી થતું. તેનાથી મનની એકાગ્રતામાં મદદ મળે છે. મન બહારના વિચારોમાંથી અને વિષયોમાંથી પાછું વળે છે, તો પણ યંત્રની પેઠે જપવામાં આવતા મંત્રને સમજપૂર્વક, ભક્તિભાવ સાથે જપવામાં આવે તો તેથી વિશેષ લાભ થાય છે.

**પ્રશ્ન :** આચારશુદ્ધિ વિના ધ્યાન થઈ શકે ?

**ઉત્તર :** આચારશુદ્ધિ સિવાય ધ્યાનનો આધાર અવશ્ય લઈ શકાય. પરંતુ તેવા ધ્યાનથી જરૂરી માનસિક શાંતિ કદાચ ના મળી શકે. ધ્યાનનો આધાર લેનારે આચારશુદ્ધિનો આગ્રહ રાખવો જોઈએ. જેમ જેમ ધ્યાનની સાધના આગળ ચાલે છે તેમ તેમ આચારશુદ્ધિની પ્રેરણા મળતી રહે છે. એ પ્રેરણાને ઝીલવાની શક્તિ સાધકની અંદર આપોઆપ પ્રાદુર્ભાવ પામે છે. છતાં પણ એનો અર્થ એવો નથી કે આવશ્યક આચારશુદ્ધિ વિના સાધકે ધ્યાનની સાધનાનો આરંભ કરવો જ નહીં. શુદ્ધિની દૃષ્ટિએ સાધક જે ભૂમિકા પર હોય ત્યાંથી આગળ વધવાની કોશિશ કરતાં રહીને ધ્યાનનો અભ્યાસ નિયમિત કરવો જોઈએ. આચારની શુદ્ધિ થતી જાય છે તેમ તેમ માનસિક શાંતિનો અનુભવ થાય છે, અને છેવટે આત્મદર્શનનો લાભ મળી રહે છે.

**પ્રશ્ન :** ઈષ્ટદેવ તથા ગુરુદેવ એ બંનેમાંથી પ્રથમ કોનું ધ્યાન કરવું ?

**ઉત્તર :** પોતાના ઈષ્ટદેવ અને ગુરુદેવમાં તત્ત્વની દૃષ્ટિએ કોઈ ખાસ ભેદભાવ નથી હોતો. બંને મૂળભૂત રીતે એક જ હોય છે, છતાં પણ ધ્યાન કરવાનું હોય ત્યારે સૌથી પ્રથમ ગુરુદેવની

કૃપા માટે પ્રાર્થના કરવી, તે પછી પોતાના ઈષ્ટદેવનું ધ્યાન ધરવું. ગુરુદેવને ઈષ્ટદેવ માનવામાં આવતા હોય તો કેવળ ગુરુદેવનું જ ધ્યાન ધરી શકાય. પરંતુ ગુરુદેવ કરતાં ઈષ્ટદેવ અલગ હોય તો તેમના ધ્યાનમાં મદદ મળે તથા સફળતા સાંપડે તે માટે ગુરુની કૃપાની કામના કરવી. એ પરિસ્થિતિમાં ધ્યાન ગુરુદેવનું ના કરવું પરંતુ જે ઈષ્ટદેવ કે દેવી હોય તેમનું જ કરવું.

**પ્રશ્ન :** ધ્યાન કરતી વખતે જો ઊંઘ આવે અને બીજા વિચારો સતાવે તો શું કરવું ?

**ઉત્તર :** ધ્યાન કરતી વખતે ઊંઘ આવે તો આંખને ધોઈ નાંખવી, ધ્યાન કરવાનું કામચલાઉ સમયને માટે બંધ રાખવું અને થોડાક આંટાફેરા કરી લેવા. સુસ્તી દૂર થાય તે પછી ફરી વાર ધ્યાન કરવાનું શરૂ કરવું. એવું કરવાથી આખરે ઊંઘનો ઈલાજ થઈ રહેશે. ધ્યાન કરનારે સૂક્ષ્મ આહાર લેવો જોઈએ. આહાર અને નિદ્રાનો છેક જ સમીપનો સંબંધ હોય છે. ધ્યાન કરનારે રાતે અલ્પ અને વહેલો આહાર લેવો જોઈએ. રાતે આહાર લેવામાં ના જ આવે તો પણ તેથી નિદ્રાનો વિજય કરવામાં મદદ મળે છે. ધ્યાન કરતી વખતે બીજા વિચારો સતાવતા હોય તો તેથી હતાશ કે નિરાશ થવાને બદલે આપણે પોતે જ આપણા આરાધ્યદેવના વિચારો કરવાનું શરૂ કરવું. તે ઉપરાંત જપ સાથે ધ્યાન કરવાની ટેવ પાડવી. ધ્યાન કરતી વખતે પરમાત્માની પ્રાર્થનાનો આધાર લેવાથી પણ મનની એકાગ્રતામાં મદદ મળે છે. ધ્યાનનો અભ્યાસ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ બીજા ભળતા વિચારો આપોઆપ શાંત બની



જાય છે. અને છેવટે જેમનું ધ્યાન કરવામાં આવે છે તેમના જ વિચારો ચાલ્યા કરે છે.

**પ્રશ્ન :** આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ ધ્યાન કર્યા પછી કરવો જોઈએ કે ધ્યાન કરતાં પહેલાં કરવો જોઈએ ? ધ્યાનના અભ્યાસ માટે આસનનો અભ્યાસ અનિવાર્ય છે ?

**ઉત્તર :** આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ ધ્યાન કર્યા પછી પણ થાય છે, અને ધ્યાન કરતાં પહેલાં પણ કરી શકાય છે. એ અભ્યાસ સાધકની પોતાની અનુકૂળતા પ્રમાણે કરી શકાય છે. સામાન્ય રીતે આસન, પ્રાણાયામ તથા મુદ્રાનો અભ્યાસ કર્યા પછી ધ્યાનનો અભ્યાસ કરવાથી લાભ થાય છે. ધ્યાન કરનારને માટે આસનનો અભ્યાસ અનિવાર્ય નથી તો પણ સારા મનને માટે સારું તન આવશ્યક છે. મનને સારું બનાવવા માટે તનને પણ સારું બનાવવું જોઈએ. એટલા માટે જ આસનોનો અભ્યાસ આવશ્યક છે. એ અભ્યાસનો અનુરાગ જેટલો પણ વધારવામાં આવે તેટલો લાભકારક છે.

**પ્રશ્ન :** ઈશ્વરના દર્શનને માટે શાસ્ત્રોક્ત ન્યાસ વગેરે આવશ્યક છે ?

**ઉત્તર :** ઈશ્વરના દર્શનને માટે શાસ્ત્રોક્ત ન્યાસ વિગેરેની આવશ્યકતા છે જ એવું નથી માનવાનું. ઈશ્વરના દર્શનને માટે અનિવાર્ય આવશ્યકતા હૃદયના સાચા પ્રેમની તથા ભાવની છે. વિધિવિધાનની નથી. ઈશ્વર શરણાગત ભક્તના કે સાધકના પ્રેમભાવને જ લક્ષમાં લે છે. આરંભમાં વિધિવિધાનની આવશ્યકતા લાગે તો પણ પાછળથી સાધક જેમ જેમ આગળ વધે છે અને પવિત્ર પ્રબળ પ્રેમજગતમાં પ્રવેશે છે તેમ તેમ

બહારની બધી જ વિધિઓ ગૌણ બની જાય છે અને અદૃશ્ય થાય છે. આગળ વધતાં સાધક પરમાત્માની પ્રાપ્તિ માટે રડે છે, પ્રાર્થે છે, પોકાર પાડે છે, આકુળ વ્યાકુળ બને છે, અને વિલાપ કરે છે. એની આંખમાંથી અનુરાગના અખંડ અશ્રુ ટપકે છે. અને એને બાહ્ય જગતનું ભાન પણ રહેતું નથી. એવી રીતે પરમાત્માની પ્રાપ્તિને માટેનો માર્ગ મોકળો થાય છે. એ અવસ્થામાં શાસ્ત્રોમાં વર્ણવેલા ન્યાસાદિની આવશ્યકતા નથી રહેતી. સાધક ભક્તનું મન અને અંતર પરમાત્માના સ્મરણ મનન અને નિદિધ્યાસનમાં કોઈ પણ પ્રકારના બહારના અથવા અંદરના અંતરાય વગર સતત વહ્યા જ કરે છે. શાસ્ત્રોમાં વર્ણવેલી બધી જ બહિરંગ ક્રિયાઓ ત્યારે સફળ બને છે. પરમાત્માને માટેનો એવો પ્રેમભાવ કોઈક પરમ સંસ્કારસંપન્ન બડભાગી આત્માના જીવનમાં જ જોવા મળે છે. શાસ્ત્રોમાં કરેલાં વિધિવિધાનોનો આધાર લીધા પછી લાંબે વખતે એવી અસાધારણ અનુરાગવાળી અવસ્થાની અનુભૂતિ આપોઆપ થઈ રહે છે.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ–૩૬૦૦૦૨



# ધ્યાનનો ચમત્કાર

–પૂ.મોટા

ધ્યાનનો ચમત્કાર કહો કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે તેનો એક પ્રસંગ કહો તેવા એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો ટાંકુ.

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને બે બહેનો (સાક્ષાર શ્રી નરસિંહ રાવ દિવેટીયાની દોહિત્રીઓ) સાથે મારે રહેવાનું હતું. સામાન્ય રીતે તેઓ ઘરેણાં બહુ ઓછા પહેરતાં. એક વખતે બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. મેં મુરખાએ તે મારા પહેરણના ગજવામાં મૂક્યું. થોડા કલાક પછી એ બે બહેનો સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવના દર્શને જવાનું થયું. અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યાં. ત્યાં મધુર ભાવે શરણાઈ વાગતી હતી તે સાંભળવા રોકાયા. તે પછી અમે અમારે મુકામે પાછા આવ્યા.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકા વિહાર અર્થે જવાનું હતું....બહેને મને કહ્યું કે તમારા કપડા બધાં બદલો. બધા કપડાં મેં બદલ્યાં. પહેરેલાં પહેરણના ગજવામાંથી જે તે બધું નવા પહેરણના ગજવામાં મુકવા માટે જુના પહેરણના ગજવા ફંફોસવા માંડ્યા; તે વેળા માલુમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું હતું. ઘરેણાં ચોરાઈ ગયા છે ! મને થયું કે મારે ભરોસે જે મૂક્યું તેની સહીસલામતી ને જે જવાબદારી મારી

પોતાની જરૂર ગણાય એનું ભાન મને બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તેને નજીવી ગણીને જરાકે મહત્ત્વ આપ્યું નહીં તેને માટે તે ઘણું ઉત્તમ ગણાય, પરંતુ એનું મને દુઃખ દર્દ હતું.

અમે ગંગા માતાના પુનિત પ્રવાહમાં નૌકા વિહાર માટે ગયા. નૌકામાં બહેનોનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયા. ભજનો સાંભળતાં મને દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને શરીરની સ્થિતિ બાહ્યમન-રહિત થઈ ગઈ. તે પહેલાં ઘરેણાંનુ ગજવું કોણે કાપ્યું હશે અને મારી જવાબદારી હું અદા ન કરી શક્યો તે દર્દનો વિચાર સ્ફુરી ગયેલો ખરો. ભાવાવસ્થામાં ઊંડું જવાતાં ત્યાં એક દ્રશ્યનો અનુભવ થયો તે અદ્ભુત ને રોમાંચકારી હતો. વિશ્વનાથના મંદિરમાં કોણ ને કેવી રીતે ગજવું કાપ્યું તે દ્રશ્ય આબેહુબ દેખાયું. તે વેળાએ મારાથી કહેવાઈ ગયું કે, ‘‘અલ્યા, આ ઘરેણાં મારાં નથી. મને કોઈકે મૂકવા આપેલા છે અને હું તો ગરીબ માણસ છું. હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલ્કત તારાથી જીરવી શકાશે નહીં. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક ઠેકાણે છે. સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધો પોણો કલાક હિન્દુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં છું.’’ આ બધું ધ્યાનાવસ્થામાં બનેલું. એવી અવસ્થાથી નાની બહેન મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ન રુચે એ સ્વાભાવિક હતું. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બેન કરી શકી. તે પછી અમે પાછા હિન્દુ યુનિવર્સિટીના અમારા મકાનમાં આવી ગયા.



બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાની હતી ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તેના પરીક્ષા હોલમાં હતાં. હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતા. તે વેળા વેગળેથી એક માણસ હાંફતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો. મારી સાથેની બહેને મારું લક્ષ દોર્યું. મને તે ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે, ‘‘ભાઈ સાહેબ ! કૃપા કરીને નીચે ઊતરો’’ હું નીચે ગયો ને તેને મળ્યો. તેણે મને કહ્યું કે, ‘‘આ તમારાં ઘરેણાં પાછા લઈ લો. હું આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. કૃપા કરીને તે મટી જાય એવું કરો.’’

પ્રભુની કૃપાનો ચમત્કાર અનુભવીને મારું હૈયું ભાવથી ગદ્ગદ્ થઈ ગયું. મને ઘરેણાં મળી જવાથી એવી નિરાંતનો અનુભવ પ્રગટ્યો કે જેનું વર્ણન ભાષામાં ઉતારી શકું એવું જોર મારી કલમમાં નથી. વળી પેલા માણસે કાલાવાલા કરી મને પગે પડી કહ્યું કે ‘‘ભાઈ સા’બ ! મારો આ પ્રચંડ દાહ મટાડી દો.’’ મેં તેને કહ્યું કે, ‘‘ભાઈ ! આ મારા ભગવાનની કરામત છે. તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું ?’’ તેણે કહ્યું કે, ‘‘ગઈ કાલની સમી સાંજ પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમ્યાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ તર્યા કરતી હતી. તમે ક્યાં રહો છો તે જગાની મને ખબર પડી હતી સવારના તમે ક્યાં હશો તે પણ હું દેખી શકતો હતો. રાતે આવવાની મારા શરીરમાં શક્તિ નહોતી. અત્યારે પણ નથી. પણ જેમ તેમ કરીને આવી શક્યો

છું. નીકળવાનું થયું, ત્યારે ચાલી નહીં શકાય એમ લાગતું હતું. પણ પછી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડ્યા જ કરવાનું બન્યું છે અને એક શ્વાસે અહીં આવ્યો છું, માટે કૃપા કરીને તમે આ દાહ મટાડો.''

મેં તેને અચાનક એમ કહ્યું કે, ''ભાઈ ! હવે એક વ્રત લે. વિશ્વનાથના મંદિરમાં દર્શન કરવા આવનારનું ગજવું કાપીશ નહીં. તું તે વચનનું પૂરેપૂરું પાલન કરશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તે તેના કેવા હાલહવાલ થાય ! તે બિચારા ગરીબને કેવી હેરાનગતિ ભોગવવી પડે. માટે કૃપા કરીને મંદિરમાં કોઈનું ગજવું કાપવું નહીં. એવો અડગ ટેક લે.'' તેણે કહ્યું કે, ''ભૂખે મરીશ પણ મંદિરમાં કોઈનું ગજવું કાપીશ નહીં.'' મને તેના કથન પર વિશ્વાસ પ્રગટ્યો. મેં પ્રભુને તેનો દાહ મટાડી દેવા દિલમાં દિલથી પ્રાર્થના કરી અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો તેણે અનુભવ્યો અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

આ પ્રકારનો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રકટે અથવા જે સંકલ્પ જે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આપમેળે પ્રગટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો.

**('હરિઃ ૐ ગુંજ' માસિકમાંથી સાભાર)**



# સંત સમાગમ : ચેતના-સંબંધ

**–તરલાબેન દેસાઈ**

[''માનવજીવન પ્રભુ સાથે સાક્ષાત્કાર માટે છે. સાધનાનો અર્થ છે કે કદી જૂઠું ન બોલવું અને સત્યનિષ્ઠા માટે જે આહુતિ આપવી પડે તે આપવા તૈયાર રહેવું.'' એમ પ્રબોધનાર પ.પૂ.વિમલાજી નિરંતર કહે છે કે ''સત્યવાણી, સત્યાચરણ મારા પ્રાણ છે. અસત્યને હું વ્યભિચારથી મોટું પાપ ગણું છું.'' અધ્યાત્મ જગતની આ અનોખી-અનુપમ-અદ્વિતિય વિભૂતિ સમા પ.પૂ.વિમલાજીનાં જીવનનાં સંત સમાગમનાં આ પ્રેરક પ્રસંગો પ્રા.તરલાબેન દેસાઈ લિખિત વિમલાજીનું જીવનકથા આલેખન ''અધ્યાત્મની અગ્નિશિખા : વિમલા ઠકાર'' પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે. અધ્યાત્મનાં સુજ્ઞ વાંચકોને આ પ્રસંગો અધ્યાત્મમાર્ગ પર વિશેષ પ્રકાશ પાડશે તેવી શ્રદ્ધા વિશ્વાસ સાથે અહિંયા રજૂ કરીએ છીએ.]

**–તંત્રી**

એક વાર રામટેક ખાતે તુકડોજી મહારાજના ગુરુ નારાયણ સ્વામીની પુણ્યતિથિનો ઉત્સવ હતો. ઘણા લોકો ભોજન કરીને ચાલ્યા ગયા હતા. વિમલ મળીને પચાસેક સ્વયંસેવકો જમવાના બાકી હતા એટલામાં અઢીસો લોકો જમવા આવ્યા. મહારાજે કહ્યું : 'પતરાળાં માંડો. ગુરુની પ્રસાદી ક્યારેય ખૂટતી નથી.' વિમલે કહ્યું : 'એક વાર તમે નજર તો કરી જાઓ. વધારે રસોઈ નથી.' મહારાજ રસોઈ ઘરમાં આવ્યા. ઢાંકણું ઉઘાડીને દૃષ્ટિ કરી. ભોજનમાં શાક, ખીચડી અને લાલ મરચાં તેલમાં કકડાવ્યાં હતાં. તે બધું હતું. મહારાજે એ પીરસવાનું લઈ, વિમલને શાક

અને છોકરાઓને ખીચડી પીરસવાનું કહ્યું. અઢીસો માણસોએ ભોજન કર્યું. વિમલે ભોજન પર નજર નાંખી તો તે એટલું ને એટલું જ હતું ! વિમલ મહારાજને કંઈ પૂછવા જતી હતી કે મહારાજે તરત કહ્યું : 'અહીં તારી ગણિતવિદ્યા કામ નહીં આવે.' રાત્રે બાર વાગ્યે વિમલ અને પચાસ જણ જમવા બેઠાં તોપણ તપેલાં ખાલી નહોતાં. આને શું કહેવાય મહારાજ કહે : 'એમાં કંઈ કહેવાની વાત નથી જે થાય છે તે થાય છે.'

વિમલ તુકડોજી મહારાજ સાથે નવદ્વીપ ગયાં. સાથે ચૌદ જણ હતાં. એ બધાંની રસોઈ વિમલ પાસે કરાવતા. બધાંને જમાડતા. વિમલને કહેતા 'તારે જમવાનું નથી.' આમ ત્રણ દિવસ લગાતાર ચાલ્યું. માત્ર પાણી પીવાની છૂટ ! ત્યાંથી કલકત્તા ગયાં. ત્યાં એક અમીર માણસને ત્યાં ઉતારો હતો. વિમલ ભારે ગુસ્સે થઈ ખંડ બંધ કરીને સૂઈ ગઈ હતી. બે કલાક પછી મહારાજ વિમલને કહે : 'ઊઠો.' વિમલ ઊઠી કહેવા લાગી : 'હવે શું છે ? ત્રણ ત્રણ દિવસ સુધી મને ખાવા નથી દીધું અત્યારે દોઢ બે વાગ્યા છે, હવે નિરાંતે સૂવા તો દો' મહારાજ કહેવા લાગ્યા : 'ચાલો, ઊઠો ઊઠો, ચાલો જમવા.' વિમલે કહ્યું : 'અત્યારે દોઢ વાગ્યે જમવાનું છે ?' એમણે કહ્યું : 'અત્યારે જ ખાવાનું છે.' પછી મહારાજે દાળ, ભાત, લાડુ, શાક, ચટણી બધું જ ભેગું કરી તેના પાંચ લાડુ બનાવ્યા. પહેલો લાડુ તો પોતાના હાથે વિમલને ખવડાવ્યો. વિમલ કહે : 'ત્રણ દિવસ તો ખાવા ન દીધું અને હવે આ પાંચ લાડુ ખાવાના ? મારી નાખશો.' મહારાજે કહ્યું : 'હા, મારી નાખું તો મરી જજે. એમાં શું છે ?' ત્યાં બેસીને વિમલના મોંમાં ઠાંસી ઠાંસીને કોળિયા



ભરાવ્યા. પછી વિમલ જેવી ખંડમાં ગઈ કે મહારાજે ખંડ બહારથી બંધ કરી દીધો. બીજા દિવસની સાંજ સુધી વિમલ ઊંઘતી જ રહી, પણ પછી મહારાજને કહી દીધું. 'હવે હું તમારી સાથે ક્યારેય નહીં આવું.' મહારાજે કહ્યું : 'તું એવું માને છે કે તું તારી ઈચ્છાથી આવી હતી ?' વિમલે કહ્યું, 'હાસ્તો વળી.' મહારાજે કહ્યું : 'એ ગલત છે.'

ઈન્દોરના મહારાજાને ત્યાં તુકડોજીને જવાનું થતાં તેઓ વિમલને કહે : 'મને બધી રીતરસમ શીખવાડી દે જેથી ત્યાં મારાથી કોઈ ભૂલચૂક ના થાય. વિમલે કહ્યું : ત્યાં રકાબીમાં કાઢીને સબડકા મારી ચા નહીં પીવાની.' મહારાજે ત્યાં જઈ કપ મોંએ માંડ્યાં. ચા તો ગરમાગરમ, એમાં વળી ચાંદીના કપ પછી કહેવું જ શું ? મહારાજના મોંમાંથી ચા બહાર નીકળી ગઈ, જીભ દાઝી ગઈ. મહારાજાએ કહ્યું : 'મહારાજ તમે કપ શા માટે મોઢે માંડ્યો ? રકાબીમાં ચા કાઢવી હતી ને ?' મહારાજ કહેવા લાગ્યા : 'હું તો રકાબીમાં કાઢીને જ પીઉં છું.' વિમલ સામે હાથ કરીને કહ્યું : આણે જ મને કપમાં પીવાનું શીખવાડ્યું હતું એટલે મેં કપમાં પીધી. વિમલાજી કહે છે : 'મારી દશા તો મહારાજે એવી કરી નાખી હતી કે માથું ઊંચું ન કરી શકું.'

જાપાનમાં તુકડોજીને વિશ્વધર્મ પરિષદમાં જવાનું હતું. વિમલાજી દાદા સાથે બદરીનાથ જવા નીકળ્યાં હતાં. હૃષીકેશ તાર આવ્યો 'તુરત આવો' તુકડોજીને ટાઈફોઈડ થતાં નાગપુર હૉસ્પિટલમાં રાખ્યા હતાં. વિમલાજી અને દાદા તરત નાગપુર આવ્યાં. મહારાજે વિમલાજીને દરવાજો બંધ કરવા કહ્યું, કહે : 'મારે ખાનગી વાત કરવી છે.' પછી તેમને એક પેટી ખોલી

સામાન બહાર કાઢવા કહ્યું. એમાં પાંચ છ કફની, પાંચ-છ ધોતિયાં, બે ટુવાલ અને બે નેપ્કિન હતા. વિમલાજીને વિસ્મય થતાં કહે : 'મારે પરિષદ માટે જાપાન જવાનું હતું ને ? એટલે આટલાં બધાં કપડાં આ લોકોએ તૈયાર કર્યાં. હવે હું તો બીમાર થઈ ગયો છું. તો હવે આ કપડાંનું શું કરું ? આટલાં બધાં કપડાં રાખવાં એ તો રાષ્ટ્રનો ગુનો છે.' વિમલાજીએ કહ્યું : 'કેવળ આના માટે તમે મને બોલાવી ?' મહારાજ કહે : 'હા, કોની સાથે આ ખાનગી વાત કરું ?'

૧૯૪૮માં તુકડોજીને ટાઈફૉઈડ થતાં હંમેશની જેમ આષાઢી એકાદશીના ભજનમાં તેઓ પંઢરપુર જઈ શકે તેમ નહોતું. એટલે વિમલાજીને બોલાવીને કહ્યું : 'વિમલ, આ વખતે તારે પંઢરપુર જવું પડશે. મારી જગ્યાએ તારે ભજન કરવું પડશે.' વિમલાજીએ કહ્યું : 'એ કેવી રીતે બને ?' ત્યાં અઢી-ત્રણ લાખ લોકો હોય. મેં તો ક્યારેય એવી રીતે ભજન કરેલું નથી. મહારાજે કહ્યું : 'તું જઈને બેસજે. ભજન આપોઆપ થઈ જશે.' અને મહારાજે શ્રીફળ અને અગિયાર રૂપિયા વિમલાજીના હાથમાં મૂકી, એમને તિલક કર્યું. વિમલાજી તો પંઢરપુર પહોંચ્યાં, પણ પચીસ ફૂટ ઊંચી વ્યાસપીઠ પરથી ત્રણેક લાખ જેટલા લોકોને જોઈને એમના હાથ કંપતા હતા, પરંતુ મહારાજનો આદેશ હતો એટલે વિમલાજીએ ભજન અને ભાષણ કર્યાં. લોકોને બહુ ગમ્યાં પણ ખરાં.

વિમલાજી જ્યારે તુકડોજી મહારાજ સાથે પ્રવાસમાં જતાં ત્યારે મહારાજ મોટરમાં એમને પોતાની જોડે જ બેસાડતાં. મોટરમાં પહેલાં વિમલાજી માટે આસન મુકાવી એમનું સન્માન



કરતા. અમરાવતીના અકર્તે નામના વકીલે આલોચના કરી કે આ બ્રાહ્મણની છોકરી શાને આવા અબ્રાહ્મણ, નિરક્ષર, ઊંચા પહોળા અખાડેબાજ મહારાજ સાથે ફરે છે ! અને મહારાજના કાર્યાલયમાં મહારાજને સીધું પૂછી જ લીધું : 'તમારી સાથે કોઈ વિમલા ઠકાર નામની છોકરી રહે છે કે ? એની સાથે તમે લગ્ન કરવાના છો ?' મહારાજે ત્યાં વિમલને બોલાવી કહ્યું. 'આ (વકીલસાહેબ) મને પૂછે છે કે તમે વિમલની સાથે લગ્ન કરવાના છો કે ?' વિમલે કહ્યું : 'તમે એમને શો જવાબ આપ્યો ?' મેં એમને કહ્યું કે 'જે પહેલેથી જ પરિણીતા હોય એની સાથે કોઈ લગ્ન કરે કે ?' પછી વિમલને પૂછ્યું : 'કેમ વિમલ, ભગવાન સાથે તારું લગ્ન ક્યારે થયું ?' વિમલે કહ્યું : 'મારા પાંચમાં વર્ષે.' મહારાજે કહ્યું : 'બોલો અકર્તેસાહેબ, હવે અહીં અમારું કે કોઈનું કંઈ ચાલે કે ?'

તુકડોજી કહેતા હતા : 'વિમલ, જયપ્રકાશજી, દાદા અને બીજા ઘણા બધા કહે છે કે મહારાજને ૬૦ વર્ષ થયા છે તો 'હીરક મહોત્સવ' કરીએ, તો મેં એમને પત્ર લખ્યો છે : 'હમણાં શરીરમાં કેન્સરની પરિષદ બેઠી છે. હવે પહેલાં આ કેન્સરની પરિષદ ખતમ થાય છે કે એ મને ખતમ કરે છે એ મને ખબર નથી. હું તો બધાંને એવી થાપ આપવાનો છું કે મારાં સાઠ પૂરાં થાય એ પહેલાં જ હું જઈશ. અને મહારાજે ૧૯૬૮માં દેહ છોડ્યો હતો.''

મુંબઈ હૉસ્પિટલમાં ભરતી થયેલાં મહારાજ તુકારામ બીજને દિવસે ગાયબ થઈ ગયા ! રાત્રે સાડા અગિયારે આવી દીવાલની તરફ મોં કરીને કામળો ઓઢીને સૂઈ ગયા. બધાંએ રાત્રે અંદર

જઈને જોયું તો બોલતા હતા : 'હું મા-બાપ વગરનો છોકરો. મારા પર બધા ગુસ્સો કરે છે. હું તો ક્યાંય ગયો નથી કે ક્યાંયથી આવ્યો નથી.' વિમલાજી કહે છે : 'ઢોંગ તો મહારાજ એટલો કરે કે કહેવાની વાત નહીં.' તાવ માપવા જઈએ તો કહે : 'આ તે કેવી જંજાળ-ત્રણ ત્રણ કલાકે તાવ માપવાની !' અને થરમૉમિટરેય, ફોડી નાંખે !

એક વાર રાષ્ટ્રપતિભવનમાં મહારાજનો કાર્યક્રમ હતો. કાર્યક્રમ બહુ સરસ થયો. રાત્રે ત્યાં જ રહેવાની સુંદર વ્યવસ્થા હતી. સવારે ઊઠીને વિમલાજી મહારાજ પાસે ગયાં તો મહારાજ ધાબળો પાથરીને ભોંય પર બેઠા હતા. વિમલાજીએ પૂછ્યું : 'બાબા ભોંય પર કેમ બેઠા છો ?' કહે : અહીં બધું જ સારું છે, પણ પલંગ ઠીક નથી, તું એક વાર બેસીને જો તો ખરી. પલંગ પર બેસે તો માણસ ધડામ કરતો અંદર ઘૂસી જાય. મહારાજે ક્યારેય સ્પ્રિંગના પલંગ કે ડનલોપનાં ગાદલાં જોયાં નહોતાં !

મહારાજની તબિયત બગડે તો વિમલાજી દવાઓ આપે જે એમને બિલકુલ પસંદ નહોતું. હંમેશ ફરિયાદ કરતા : 'વિમલ મને સતાવે છે.' વિમલાજી જમવા જાય ત્યારે આશ્રમનાં છોકરાઓને બોલાવીને કહે : 'હમણાં વિમલ અહીં નથી. જાવ ડુંગળી, લસણ તથા જુવારનો રોટલો લઈ આવો.'

આબુ વિમલાજીને કહેતા હતા : મને તું પરદેશ લઈ જા તું ત્યાં પ્રવચન કરજે અને હું ભજન કરીશ. જાપાન તો તેઓ ગયા જ હતા ત્યાં સર્વધર્મપરિષદ વખતે ભજન રચ્યું હતું :

**'હર દેશમેં તું, હર વેશ મેં તું**
**તેરે નામ અનેક, તું એક હી હૈ'**



૧૯૬૮માં મહારાજને કેન્સરની શુશ્રૂષા માટે મુંબઈ હૉસ્પિટલમાં દાખલ કરાયા ત્યારે ગવર્નરે તેમને પૂછ્યું : 'મહારાજ, કોઈ છેલ્લી ઈચ્છા ખરી ?' મહારાજ કહે : 'હા, અમારું એક સંતાન છે. નામ વિમલ. ખબર નથી કે એ અત્યારે ક્યાં છે. મળી લેવાનું થાત તો સારું થાત.' આ સાંભળતાં નૉર્વે ગયેલાં વિમલાજીને મુંબઈ બોલાવવાની વ્યવસ્થા થઈ. એરપૉર્ટ પર વિમલાજીને એક સજ્જને એર-ટિકિટ જેટલી રકમ આપતાં કહ્યું : 'અંબા માતાનો આદેશ છે કે આ રકમ મારે તમને આપવી.' વિમલાજી જેવાં મહારાજ પાસે આવ્યાં કે મહારાજે તેમને પૂછ્યું : 'કોઈ મળ્યું હતું ? ટિકિટની વ્યવસ્થા થઈ ગઈ ?'

મૃત્યુશય્યા પર પોઢેલા તુકડોજીએ વિમલાજીને કહ્યું : 'મારા મર્યા પછી બધું ખેદાનમેદાન થઈ જશે. વિમલ તું ધ્યાન રાખજે.' વિમલાજી કહે : 'મહારાજ મર્યા પછીની ચિંતા ! સાતત્ય તો સંસારીને હોય તમને સાધુને ?' મહારાજ એટલું જ બોલ્યા : 'ઠીક કહ્યું તે.'

મહારાજે ડૉક્ટરો-પરિચિતો બધાંને કહી દીધું હતું કે : 'હું ક્યારે, ક્યાં જવાનો છું તેની મને ખબર છે.' હૃદય ઘૂંટી એક ભજન રચ્યું :

**'ડગમગ ડોલે માઝી પાણ્યાવટી નાવ રે**
**પંઢરી ચ્યા પાંડુરંગા વેગી વેગી ધાવ રે.'**

દાદાને વિમલાજી વિશે જેમણે કહ્યું હતું : મારા ચિત્તને વિષયવાસનાનો સ્પર્શ થાય છે એ જ ક્ષણે વિરક્તિમાં પલોટાઈ જાય છે, પણ આ વિમલ તો એવી વિભૂતિ છે કે તેને

કામવિકારનો કોઈ સ્પર્શ જ નથી ! એ તુકડોજી મહારાજે દેહ મૂકતાં પહેલાં વિમલાજીને કહ્યું : 'વિમલ, તારી પૂજા કરવી છે. બીમારીને લીધે ચરણસ્પર્શ તો થઈ શકે એમ નથી. તારા હાથ મુને આપ. વિમલાજીએ હાથ આપતાં મહારાજે કથરોટમાં એનું પ્રક્ષાલન કર્યું. પછી ૫૦૧ રૂપિયા અને શ્રીફળ આપી ત્રણ વાર આરતી કરાવી.' આવા અનન્ય સ્નેહસંબંધને દુનિયા શું જાણે ?

આ મહારાજે છેલ્લે ગાયું :

**'તું હૈ શહેનશાહ દુનિયાકા**
**તુજ બિન કૌન સુનેગા મેરી ?**
**તુકડ્યાદાસ દાસ રહ જાયે**
**અંત મિલે યહ મેરી ફકીરી !'**

અંતિમ વેળાએ વિમલાજીને હાથે મહારાજે પોતાના દેહના અગ્નિસંસ્કાર માટેની જમીન ખરીદાવી કહ્યું : 'ત્યાં કાંટાળા તારની વાડ ન કરશો. બાળકો ત્યાં રમવા જશે તો એમને વાગી જશે. પંચવટી કરવા માટે બિલ્વ, પીપળો અને આંબાનાં વૃક્ષ રોપજો.' આ બધા છોડ વિમલાજીને હાથે રોપાય એ પણ એમની ઈચ્છા હતી. એ કહેતા કે, 'તમારા બાબા લાંબા પહોળા છે. જરા જગા પૂરતી જોઈશે. અગ્નિસંસ્કાર પછી ત્યાં એક ચબૂતરો જ બને. એના સિવાય બીજું કોઈ સ્મારક બને નહીં. મારાં બાવલાં બને નહીં એ જોજો.'

તુકડોજી મહારાજના દેહાન્ત પછી વિમલાજી ઘણે સમયે મોજરી આવ્યાં તો તેમણે જોયું કે મહારાજના પલંગ, ચાખડીઓ રાખવામાં આવી હતી અને પ્રતિમા પણ સ્થપાઈ ચૂકી હતી !



વિમલાજીએ કહ્યું : 'બાબાએ જે કરવાની મના કરી તે જ તમે લોકોએ કર્યું. હવે એમનાં બાવલાં બનાવીને તમારે આશ્રમમાં કામ કરવું છે ? આ બધું તોડી નાંખો.' સાથે આવેલાં આક્કાએ વિમલાજીને કહ્યું : 'તારે તો આશ્રમમાં રહેવું નથી પછી આ બધું શા માટે કરી રહી છે ? ચાર મીઠી વાતો કરીને ચાલ્યા જવાનું.' વિમલાજી કહે : 'મહારાજની આ અંતિમ ઈચ્છા હતી, આ મારી વાત નથી એટલે હું કહું છું.' વિમલાજી બહાર બેસી રહ્યાં. અંદર ગયાં નહીં.

'વિમલ સંસ્મરણો'માં પ્રભાબહેન એક પ્રસંગ ટાંકતાં કહે છે : 'કેન્સરની એમને (તુકડોજીને) જીવલેણ બીમારી, દર્શનાર્થીઓની ભીડ...પાટ પર એમની પથારી, દીદી સામી બાજુએ હતાં. એ સમયે મારા પર તડકો આવતો હતો.' મહારાજે કહ્યું : 'વિમલ, તારી સહેલી ઉપર તડકો આવે છે, જરા એને ખસેડ' ક્યાં દર્દની ભયાનકતા અને ક્યાં બીજાની ઝીણામાં ઝીણી અગવડ પ્રત્યેની સભાનતા ! સંતોનાં શીલ અને કરુણા માટે શું કહેવું ?

વિમલાજી એક વાર તુકડોજી મહારાજને કહે : 'તમે તો આ બધી સિદ્ધિઓને લઈને બેઠા છો, અમારી પાસે તો કાંઈ નથી.' મહારાજે કહ્યું : 'તમે તો અવધૂત ફક્કડ બાબા છો. સિદ્ધિઓ તો તમારા ચરણમાં આળોટે છે. સિદ્ધિઓથી પરેની તમારી ભૂમિકા છે.'

રામકૃષ્ણ પરમહંસ માટેનો પોતાનો અનન્ય આદર વ્યક્ત કરતાં વિમલાજીએ, 'માનવધર્મ સંસ્થાપનાય શ્રી રામકૃષ્ણાય નમોનમઃ માતૃસમર્પિત જીવનાય શ્રી રામકૃષ્ણાય નમોનમઃ

વિજ્ઞાન આરૂઢ ભાગવત વરિષ્ઠાય શ્રી રામકૃષ્ણાય નમોનમઃ એવું સ્તુતિગાન કર્યું છે.'

પોતાના 'પરમ પ્રિય ઠાકુર' માટે તેઓ કહે છે : 'માનવ જેવું કોઈ તીર્થસ્થાન નથી.' એવું જેમણે જીવનમાં સિદ્ધ કરી બતાવ્યું હતું. જેમના જીવનગર્ભમાંથી નરેન્દ્રને વિવેકાનંદ બનવાનું સામર્થ્ય અને રસાયણ સાંપડ્યું હતું. ઉપરથી ભક્તિ, અંદર જ્ઞાન, બહારથી બાલકવત્ સરળતા, અંદર પ્રગલ્લભતાનો પાર નહીં એવા રામકૃષ્ણ દેવને સમજવા કોઈ ખેલ નથી.'

મનુષ્ય દેવત્વ તરફ કેટલો ઊંચો ઊઠી શકે છે એ જોવું હોય તો રામકૃષ્ણને જુઓ. સગુણરૂપ પ્રિય હોય તો રામકૃષ્ણે જેવી રીતે કાલી માતાનું સેવન કર્યું તેમ કરો. દુનિયાદારી છોડો, પ્રમાદ છોડો, વ્યર્થ વાતો છોડો, જે ઈચ્છા હોય તે માર્ગ પકડો. તપ કરો. તપ વિના બળ નથી. જેવી રીતે નાવ જળમાં રહે છે તેવી રીતે સંસારમાં રહો. સંસારમાં સંસારી બનીને નહીં, પ્રભુના પ્રેમી બનીને રહો.

સાધના માટે અલગ કર્મનો પસારો કરવો પડતો નથી. સવારથી સાંજ સુધી જે કર્મ કરો છો તે સાધના બનવી જોઈએ. આ મર્મ વિમલાજીએ પોતાના પ્રિય ઠાકુરના જીવનમાંથી આત્મસાત્ કર્યો છે.

બધા સંતોને હૃદયપૂર્વક ચાહનારા વિમલાજી માને છે કે, 'સંતો જીવનના તરવૈયાઓ છે' પણ જો શબ્દમાં, જ્ઞાનમાં, રૂપમાં અટકી જવાનું થશે તો તે સંતનો સંગ ત્યાં થતો નથી. જળમાં ડૂબી જવાના ભયને કારણે જ્યારે શીખનાર તરનારને ગળે વળગી જાય છે તો કુશળ તરવૈયા તેને સિફતથી ધક્કો



લગાવીને છૂટો કરી દે છે. એમાં તો તરનાર અને તારનાર બંનેને ડૂબવાનો ભય છે. સંતો જે કુશળ તરવૈયા છે, તે ક્યારેય કોઈને પોતાનામાં અટકાવશે નહીં. કોઈ વળગવા ચાહે તો એને વળગવા દેશે નહીં. સમજનો ધક્કો લગાવીને કહી દેશે કે તમારામાં સત્ પડ્યું છે તેને શરણે જાવ. તમે તમારો દીપક પ્રગટાવો.

સંતો તો આંગળી ચીંધીને એટલું બતાવી આપે છે કે ઈર્ષ્યા, લોભ, ક્રોધ, મોહ એ તમારું સ્વરૂપ નથી, એ તમારો સ્વભાવ નથી, એ સ્વદ્રવ્ય નથી. એ તો પરભાવ છે, પરદ્રવ્ય છે. અધ્યાત્મ તો જીવનરસાયણ છે. સંતો રસાયણતત્ત્વો છે. આ રસાયણ તો જીવનના અણુઅણુને, માંસમજ્જાને પલટી નાંખે છે, પૂરા ગુણધર્મો બદલી નાંખે છે. અધ્યાત્મ-રસાયણ વિષયવિકારોને સમજાવીને મૂળ સ્વભાવમાં સ્થાપિત કરે છે.

આમ, વિમલજીવન પર સદા સંતોની પરમ-પવિત્ર-હિતકારી છત્રછાયા રહી છે. એની પ્રતીતિ શબ્દસ્થ કરતાં એ કહે છે : 'અમે તો સંતોનું સંતાન છીએ. એમણે જ લાલનપાલન કર્યું છે. દેહજન્મ ક્યાં થયો ને ઉછેર થયો સંતો થકી !'

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# સરોજથી પૂ.શ્રીમા સર્વેશ્વરીની દિવ્ય યાત્રા

—પૂજા ત્રિવેદી

નવેમ્બર માસ એટલે સતત પ્રતીક્ષામાં રહેતો માસ : માતૃજન્મોત્સવ પર્વનો આ માસ. આ વર્ષ શ્રી શ્રી માની અપાર કરુણા અને કૃપાથી આ મંગલ પર્વના આપણે સૌ ભાગીદાર બન્યા. ઉત્સવોને સાધનાત્મક રીતે ઉજવવા, જીવનનો ઉત્કર્ષ કરે તેવાં સત્કર્મોથી શોભાવવા, તેવો શ્રી શ્રી માનો હંમેશનો આગ્રહ રહ્યો છે. ધ્યાન, સંકીર્તન, પ્રાર્થના ને સત્કર્મોના આભૂષણથી સજ્જ થઈ, વિશુદ્ધિઓથી પુનિત થઈ માતૃ ચરણે વંદનાના અર્ઘ્યો, પ્રણામના પુષ્પો, નિયમોનો સુગંધિત થાળ લઈ સ્વર્ગારોહણની ગરિમાને ઉજ્જવળ કરે તેવું પર્વ આ અમૃત મહોત્સવના પર્વે આપણે ઉજવવા જઈ રહ્યા છીએ. તો ચાલો આપણે આ દિવ્ય યાત્રા સંગીતમય રીતે માણીએ.

**કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યા;**
**ભક્તો સહુ ટોળે વળ્યા રે, માડી તારા આવવાના એંધાણ મળ્યા.**

કાલિમંદિરની આ જીવંત જ્યોત જગમંચે પધારી, ઝળહળી અને અનેક જીવોને પ્રકાશનો પંથ ધર્યો, દીવડાની જ્યોતિથી સૂર્યસમી તેજસ્વી યાત્રાના આપણે સહુ ભાગીદાર બન્યા છીએ. આ એક આધ્યાત્મિક ઈતિહાસ છે. રાષ્ટ્રનો ઈતિહાસ ગવાય, લખાય, પ્રસિદ્ધ થાય, પણ આ એક અનેરો ઈતિહાસ છે જેને જીવાય. આપણે માત્ર આ ઈતિહાસના સાક્ષી નહીં પણ આ ઈતિહાસ પૂ.શ્રી મા સાથે જીવ્યા છીએ. સાધકથી સિદ્ધ, સર્વેશ્વરીથી યોગેશ્વરી, દેહ મંદિરથી દેવ મંદિર સુધીની આ દિવ્ય યાત્રાનો લ્હાવો લઈએ. આ યાત્રાનો પ્રારંભ કાલિ મંદિરથી થયો. કાલિમંદિર કર્પૂરવનની કમલિની એ જન્મથી જ દેવ સમાન. માતા-પિતાના અંકે દિવ્ય શ્રવણ કરવા માંડ્યું. ત્યાર પછી એ શ્રવણને જીવનમાં ઉતારવા કૃત નિશ્ચયી બન્યા. બાળપણમાં સાંભળેલી રામાયણની ચોપાઈઓ અને સંસ્કૃત શ્લોકોએ જાણે જીવનની રાહ નક્કી કરી.



**મંગલ ભવન અમંગલહારી....**
**ગુરુ માતૃ પીતુ....**
**शांताकारम् भुजग शयनम्**

ધીમે ધીમે સમયની સાથે બાળપણ પાંગર્યું. કર્પૂરવનથી વ્યારાની યાત્રા પ્રારંભાઈ. ત્યાં આધ્યાત્મિક સુદૃઢ સંસ્કારો તો હતા પણ સહજ નટખટતા પણ પ્રવેશી. વિમલ પ્રભાકર લેલેનું અનુકરણ, મુલ્લાની બાંગ. એવા વિનોદી પ્રસંગો પણ ઘટવા માંડ્યા. એ હળવાશ આજે પણ મામાં જોવા મળે છે. સાધનાત્મક શિખરો સર કર્યા છતાં મા હળવા ફૂલ. પૂ.બાપુજીએ પૂ.માનું જીવન સર્વ પ્રકારે ઘડવા માંડ્યું. અને સુભાષિતોથી પણ તેમને મઢ્યું.

**"છે માનવી જીવનની ઘટમાળ એવી,**
**દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી."**

એક સરખા દિવસ કોઈના કોઈ દિ જાતા નથી. શાળા અને કૉલેજના શિક્ષણ દરમ્યાન મન તો પ્રભુમય જ હતું. અનુભૂતિઓ થતી પણ તેની સમજ ન હતી. (તેવો દેખાવ હતો.) એ યુવાનીના ઘોડાપુરમાં તણાઈ ના જતા જીવનની નાવ

ને પ્રભુસ્મરણ છેડે નાંગરી દીધી. આ દિવસો દરમ્યાન પૂ.શ્રી માને અમુક પદો ખૂબ જ પ્રિય હતા.

**“રઘુવર તુમકો મેરી લાજ.”**

**“બનવારી રે જીનેકા સહારા તેરા નામ હૈ.”**

**“મન લાગો મેરે યાર ફકીરી મેં.”**

પછી આ યાત્રા ખૂબ સુદૃઢપણે આગળ વધી. પ્રાર્થના, જપમાળા, પાઠ, પારાયણો જીવનમાં સહજ વણાઈ ગયાં. પૂ.શ્રી મોટાના મૌન મંદિરની યાત્રા પણ પ્રારંભાઈ. પૂ.શ્રી મોટાના પદો અને પ્રાર્થનાઓ પણ ખૂબ પ્રિય લાગ્યા.

“ચરણ તારે હું તો આવ્યો શરણ મુજને રાખજે. માર્ગે જરૂર પડતા ગુણોને વિકસાવવાનો પ્રયત્ન શરૂ થયા. મૌન ઉપવાસની યાત્રા પણ પ્રારંભ પામી. આર્તહૃદયની પ્રાર્થનાઓ પણ શરૂ થઈ. ભોમિયા વિના કોણ રે ચીંધે અમને મારગ હરિના.” જીવનની ગડમથલનો અંત આવ્યો. પ્રભુની પગદંડી પર થયેલા અથાગ પ્રયત્નોના પરિણામે જાણે સોનાનો સૂરજ ઉગ્યો. પ્રભુના પ્રવચન સાંભળતા સાંભળતા જીવનની રાહ મળી ગઈ. આજ મારા ગુરુ ! આ જ મારા તારણહાર ! એવો પ્રથમ પ્રવચને જ નિર્ધાર થયો. હૃદયના બધા જ બંધ જાણે છૂટી ગયા. રાતની નિદ્રા અને દિવસનું ચેન ગુરુસ્મરણમાં ખોવાઈ ગયાં. આ શ્રવણ ભક્તિના પરિણામે ધીરેધીરે નિત્ય ગુરુ દર્શનનો લ્હાવો મળ્યો. જાણે સનાતન સાથના નિર્માણ માટે દક્ષિણ ભારતની યાત્રાનું નિમંત્રણ મળ્યું. દક્ષિણ ભારતની યાત્રા દરમ્યાન શ્રી શૈલમ્‌માં દિવ્ય દિક્ષા મળી જીવનને જાણે ભિક્ષા મળી. અને આપણને સહુને એક સનાતન પ્રાર્થના મળી.



**“વરદ હસ્ત પ્રભુ તમારો....**

સાધના પંથે આગળ વધતા અન્ય પ્રાર્થના અને ભજનો ગાતાં ગાતાં પ્રભુ ભજન રૂપે પણ પધાર્યાં. એ પદોની યાત્રાએ ઝરણામાંથી સરિતા અરે ! સાગર સ્વરૂપ ધારણ કર્યું. સ્વાનુભૂતિથી પ્રેરાયેલા સહજ શબ્દો, પ્રચિલત ઢાળ, અનન્ય શ્રદ્ધા ભક્તિ ને દિવ્ય પ્રેમના રસથાળે સૌનાં મન મોહી લીધાં. સૌને તેમાં મગ્ન કરી દીધાં. પ્રભુ, હરિ, શ્યામ સખાની ભક્તિ નિત્ય નિરંતર કલમની શાહીએ સ્વની સાથે સાથે પરને પણ ડોલાવ્યા, નિમગ્ન કર્યાં.

દક્ષિણની યાત્રા પછી વિરહની વેદના જાગી. ઉત્કટ પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે પ્રભુની ગંભીર માંદગીનો લીલા પ્રસંગ સર્જાયો. અને અનન્ય શરણાગતિની સરિતા વહેવા લાગી.

**“હું તો આવી ઊભી તારે દ્વાર....”**

**“ઝુકાવ્યું જીવન મારું રે....”**

**“યોગેશ્વર મારા માત....”**

પ્રભુના નિત્ય સહવાસમાં જુદા જુદા ભાવો પ્રગટતા રહ્યા. જીવનની દરેક ક્રિયા પ્રભુમય બની ગઈ. અંજલિ, અર્ઘ્યના પદો પ્રગટ થયા પણ અનેક કાવ્ય સંગ્રહોની પ્રસાદી હજુ અપ્રગટ છે.

**“વંદન હજારો વાર....”**

**“બંધ બારણે ટકોરા મારે....”**

**“હિંચકે ઝૂલવા આવો મારા વ્હાલા....”**

**“કૃષ્ણા તારી પાસે માંગું એટલું રે....”**

**“મારી સાથ સદાયે રહેજો રે....”**

હવે પ્રભુને લાગ્યું આ ભાવજગતના પ્રેમને જગમંચે ઓળખ આપવી જોઈએ. સરોજબહેન નહીં આ તો પૂ.મા સર્વેશ્વરી છે. તેવી ઓળખ પ્રસ્થાપિત કરી.

જ્યોતિર્મયી માતાજીની માંદગીમાં શ્રી શ્રી મા જાણે કંચનની અગ્નિ પરીક્ષામાંથી પસાર થયા. પૂ.શ્રી માની ઉદારતા, સેવા પરાયણતા અને દિવ્યતાના દર્શન સૌને આ સમયે થવા લાગ્યા. ખૂબ વ્યસ્તતા વચ્ચે પણ નિત્ય નોંધો લખાતી રહી અને પૂ.શ્રીનું સર્વોત્તમ માતૃભક્તનું આપણને સહુને સ્વરૂપ દર્શન થયું. પ્રભુની નિત્ય સંનિધિએ સરસ પદો પ્રગટ્યા.

**"મને ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા...."**

**"યોગેશ્વર ભોમિયો રે...."**

પ્રભુના સહવાસમાં પોયણું પાંગર્યું અને પુષ્પ બન્યું. પૂ.શ્રીની સ્થૂળ વિદાય પછી હૃદય ગંગા હિમાલયમાંથી પ્રગટેલી ગંગાને જીવંતરૂપે નિહાળવા લાગી, પૂજવા લાગી, ભજવા લાગી અરે ! એક સખ્ય સ્વરૂપે તેની સાથે વહેવા લાગી. જીવંતતાનો અહેસાસ કરવા લાગી. પોતે તો પૂજી પણ અન્યથી પણ પૂજાવી.

**"ગંગા તારા નીરને..."**

ગુરુના ચરણે ધરેલું ઉત્તમ નજરાણું. એટલે દશરથ યાત્રા. ગુરુ ભક્તિના તેજ સામે જાણે સૂર્યનારાયણની ઉગ્રતા ફીકી પડી ગઈ. સ્વના પગને ચરણોનું સ્થાન અપાવી દીધું. અને નિરંતર નિજાનંદની મસ્તીમાં 'મેંદી તે વાવી દશરથે તેનો રંગ ગયો હરિદ્વારે' એવું આનંદ વિભોર મન ગાવા લાગ્યું.

"પાગલના પગલે દિવાની" સર્જન પામ્યું ચંડીદેવી થી ચાંદલિયો ઉતર્યો રે.



આવાં સુંદર ગેય પદો મળ્યાં.

વિદાય થયેલા પ્રભુ પોતાની સાથે જ છે પાસે જ છે એવો વિશ્વાસ દૃઢ થઈ ગયો. પૂ.મા જાણે પ્રભુમય બની ગયા. માધવને શોધવા નીકળેલી મીરાં સ્વયં માધવ બની ગઈ.

**'હવે તારે ભરોસે મારી જીવન નાવ'**

આ પ્રેમ સંબંધ વિવિધ પ્રકારના ભાવો પ્રગટાવે છે. ક્યારેક રાધા તો ક્યારેક મીરાં બનીને .

**"હવે નહીં રે બોલું અંતરખોલું."**

**"પ્યાલી પીને બની મસ્તાની."**

**"શ્યામલ રૂપ ધરી આવે સર્વેશ્વરીને."**

નિર્જળા વ્રતની પ્રાર્થનાઓનો પણ પૂ.શ્રીમા પદ રૂપે પ્રસાદ પામ્યા.

**"પડખે આવી ઊભો છું નિહાળી લેને ને તું"**

પચાસમાં વર્ષે વિધિવત્ જપ યજ્ઞ શરૂ થયો. હિમાલયના ઉત્તમ શિખરો અધ્યાત્મ જગતમાં સર કર્યા. અનુભૂતિઓનો અર્ણવ સર્જાયો. પ્રભુ પોતાના રોમરોમમાં વસે છે એવું અનુભવાવા માંડ્યું. આ અનુભૂતિના પડઘા પદોમાં પડવા લાગ્યા.

**"જેના જીવનમાં શ્રદ્ધા જાગી."**

**"મારા જીવનમાં તું તો સમાઈ ગયા રે તને અળગો કરું તો શી રીતે."**

**"મારી પાંપણ પલંગ પર પોઢનારા."**

**"યોગેશ્વર ભગવાન એ છે મારા જીવનના આરામ."**

પૂ.શ્રી માના ૬૦ વર્ષની કાષ્ટમૌન યાત્રામાં ખૂબ સુંદર પદો સર્જાયા. આ પદોમાં સ્વર્ગારોહણ અને સ્વજનો પડઘાયા. આ સ્વર્ગારોહણ તીર્થ સહેજે નથી પ્રગટ્યું. તેના પાયામાં મૌન વ્રતો, પારાયણો, નિત્યની વંદનાઓ, સત્કર્મો, અસંખ્ય પ્રણામો સમાયેલા છે. સ્વર્ગારોહણના કણકણમાં પ્રભુનો વાસ અને પૂ.શ્રીમાનો સંજીવની સ્પર્શ છે. સ્વર્ગારોહણની ભૂમિએ જાણે પૂ.શ્રી માનું મન મોહી લીધું.

**"એક એવું તીર્થ મુજને છે મળ્યું."**

**"સ્વર્ગારોહણની આ ધરા પર થાકી હારી."**

ત્યાર પછી તો પદોનો જાણે સાગર ઉમટવા લાગ્યો અરે ! કહીએ કે જ્વાળામુખી ફાટ્યો. ૨૦૧૬ની શ્રી હરિરસની હેલીએ પદ પ્રવાહમાંના પુરમાં સૌને તાણી લીધા. જીવનના લક્ષ્ય માટે સૌને જાગૃત કર્યા ને પૂછ્યું.

**"શરણ સ્વીકાર્યુ શા કાજે"**

**"મને સ્વજન મળ્યા છે દૈવી રે."**

**"મારા જીવનમાં રાજ કરે મહારાજ રે."**

આ યાત્રા અવિરત રીતે ચાલુ જ હતી, છે અને રહેશે. પૂ.પ્રભુ અને પૂ.મામાં કોણે કોને પ્રગટ કર્યા? અને કોણ કોનામાં સમાઈ ગયું એ આપણને ખબર નથી. સમજાતું પણ નથી, એ સમજવું પણ શક્ય નથી. પ્રભુએ તપસ્યાથી પૂ.શ્રી માને સ્થૂળ રૂપે પ્રગટાવ્યા તો પૂ.શ્રી માએ ગુરુ ભક્તિ અને શરણાગતિથી પ્રભુને પ્રગટાવ્યા. આ ઈતિહાસના સાક્ષી તરીકે



એટલું જરૂર કહી શકીએ કે ગુરુભક્તિ ને શરણાગતિ એ સર્જન-શક્તિ પણ છે જે પ્રભુને સ્વયમ્‌માં પ્રગટાવી શકે.

પ્રભુએ પૂ.શ્રી માની માટે રચેલી પંક્તિઓ તેમનું યથાર્થ વર્ણન કરે છે.

**"તમે છો વેદની માતા, તમે છો પ્રેમની ગાથા,**

**તમે છો યોગનો આદર્શ, રસની પ્રગટ છો માતા;**

તમે સૌન્દર્ય છો સાકાર, યૌવન છો ચિરંતન તે, તમે પ્રત્યક્ષ છો સાકેત, મોક્ષ પરમપદને. બસ વધુ શું કહીએ.

**કામનાથી ખરડાયા સર્વ ભક્તો વિનવે ત્યજીને ગર્વ,**

**રાખો અમને નિત શરણે, છે મુક્તિ સુખ તવ ચરણે...**

આ યાત્રામાં દમયંતિબહેન ભક્ત, જયુબહેન, જ્યોત્સ્ના-બહેન, પૂર્ણિમાબહેન, દિશા, સુકૃતિ ને નીલેશભાઈએ પ્રાણવાન સહયોગ ધર્યો છે સહુનો આભાર. જય કૃપાળુ મા.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# શ્રદ્ધા ચમત્કાર સર્જે છે

—ભાણદેવ

એક નાનું સુંદર ગામ હતું. ગામની બાજુમાં જ એક સુંદર નદી વહેતી હતી. ગામ ખૂબ રળિયામણું લાગતું હતું.

તે ગામમાં એક સજ્જન પુરુષ રહેતા હતા. તેમનું નામ રામદાસ હતું. રામદાસને એક પુત્ર હતો. સ્વાભાવિક રીતે જ રામદાસને પોતાનો પુત્ર ખૂબ પ્રિય હતો. પ્રારબ્ધ અનુસાર રામદાસનો પુત્ર બીમાર થઈ ગયો. બીમારી વધતી ગઈ અને આખરે બીમારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. રામદાસે પોતાના પુત્રની ચિકિત્સા માટે અપરંપાર પ્રયત્નો કર્યા. પરંતુ પુત્રના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો જોવા મળતો નથી. આખરે રામદાસ પોતાના પુત્રને એક સમર્થ વૈદ્ય પાસે લઈ ગયા.

વૈદ્યરાજે દરદીની પૂરી તપાસ કરી, નાડી પરીક્ષા કરી. તપાસ કરીને વૈદ્યરાજે કહ્યું-

''રામદાસજી ! તમારા પુત્રને આ બીમારીમાંથી મુક્ત કરવાનો એક જ ઉપાય છે. જો હું તમને જણાવું તે વસ્તુ તમે હાજર કરી શકો તો હું તેમાંથી ઔષધી બનાવીને તમારા પુત્રને આપું તે ઔષધીના સેવનથી તમારો પુત્ર સાજો થઈ શકે તેમ છે. તે વિના બીજો કોઈ ઉપાય નથી.''

રામદાસે આતુરતાપૂર્વક પૂછ્યું.

''કહો, કહો, મહારાજ ! કઈ વસ્તુ જોઈએ ? મારા પુત્રના જીવન માટે હું ગમે તેમ કરીને આપ કહો તે વસ્તુ હાજર કરી દઈશ. આપ જલદી કહો.''

વૈદ્યરાજે કહ્યું-



''રામદાસ ! હું જે વસ્તુ પ્રાપ્ત કરવા માટે કહું છું, તે વસ્તુ અતિ દુર્લભ છે. અને તમે તે નહીં મેળવી શકો.''

વૈદ્યરાજે તો તે વસ્તુને આમ અતિ દુર્લભ ગણાવી, પરંતુ રામદાસ જેનું નામ ! રામદાસની શ્રદ્ધા એટલી પ્રચંડ કે પહાડોને પણ હલાવી શકે !

રામદાસને ભગવાનમાં અને ભગવાનની કૃપામાં અનન્ય શ્રદ્ધા. આ શ્રદ્ધાના જોરે રામદાસે કહ્યું-

''વૈદ્યરાજ ! આપ નચિંત રહો. પરમાત્મા પરમ કૃપાળુ છે અને તેમની કૃપાથી અશક્ય શક્ય બની જાય છે અને દુર્લભ પણ સુલભ બની જાય છે. ઔષધી માટે કઈ વસ્તુ જોઈએ તે આપ મને વિના સંકોચે કહો. મારા પ્રભુની કૃપાથી તે વસ્તુ અવશ્ય મળી જશે.''

રામદાસની આવી અચલ શ્રદ્ધા જોઈને વૈદ્યરાજ પ્રસન્ન થયા. તેમણે રામદાસને કહ્યું-

''સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું પાણી માનવની ખોપરીમાં એકઠું થાય. તે પાણીમાં કાળા નાગનું વિષ પડે અને તે જલમિશ્રિત વિષ જો મળી શકે તો તેમાંથી હું ઔષધી બનાવું. તમારો પુત્ર જો તે ઔષધીનું સેવન કરે તો તેને અચૂક સ્વાસ્થ્ય લાભ થશે.''

સ્વાતિ નક્ષત્રમાં વરસાદ થાય, તેમ બને કેવી રીતે ? વરસાદ થાય તો તેનું પાણી માનવની ખોપરીમાં એકઠું થાય કેવી રીતે ? એમ બને તો પછી તેમાં કાળાનાગનું ઝેર પડે કેવી રીતે ? આ બધા સંજોગો એકત્રિત થાય તે ઘટના તો અશક્યવત લાગે છે, પરંતુ શ્રદ્ધા માટે શું અશક્ય છે ? અને રામદાસની શ્રદ્ધા તો મેરુ જેવી અચલ છે. રામદાસે વૈદ્યરાજને કહ્યું-

"વૈદ્યરાજ નચિંત રહો. ભગવાનની કૃપાથી કશું અશક્ય નથી. મને મારા પ્રભુ પર સંપૂર્ણ શ્રદ્ધા છે. તમને અશક્ય લાગતી વસ્તુ પણ ભગવાનની કૃપાથી મળી રહેશે અને હું તેમની કૃપાથી તે વસ્તુ હાજર કરું છું."

આમ કહીને રામદાસ તો ઉપડ્યો. તે જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેની નજરે એક માનવી ખોપરી આવી. તેને થયું-અરે ! માનવની ખોપરી તો તૈયાર જ છે ! તેણે પ્રભુને પ્રાર્થના કરી.

"ભગવન્ ! માનવની ખોપરી તો તૈયાર જ છે. અને અત્યારે સ્વાતિનક્ષત્ર પણ છે જ. પ્રભુ હવે જો અત્યારે વરસાદનું એકાદ ઝાપટું પડી જાય તો ભારે કામ થાય."

બરાબર તે જ વખતે આકાશમાં થોડા વાદળા ચડી આવ્યા. વરસાદનું એક ઝાપટું પણ પડી ગયું. જે ખોપરી બાજુમાં પડી હતી. તે પાણીથી ભરાઈ ગઈ.

રામદાસ તો આ જોઈને રાજી રાજી થઈ ગયો. રામદાસે પોતાના વહાલા પ્રભુને પ્રાર્થના કરી.

"વાહ, મારા પ્રભુ ! વાહ, તારી કૃપા ! ભગવન્ ! આપની કૃપાથી બધાં જ અનુકૂળ સંયોગો ગોઠવાઈ રહ્યા છે. હવે બસ એટલું કરો કે એક કાળો નાગ આવીને આ પાણીમાં પોતાનું થોડું ઝેર નાંખે. પ્રભુ ! એટલી કૃપા કરો."

પછી તો શું વાત ! બાજુમાંથી એક દેડકો કૂદકા મારતો મારતો પસાર થયો. દેડકો જાણે જીવ બચાવવા માટે ભાગી રહ્યો હોય તેમ ભાગી રહ્યો હતો. દેડકાની પાછળ પાછળ એક કાળો નાગ આવી રહ્યો હતો. નાગે દેડકાને પકડવા માટે છલાંગ મારી. દેડકો નાગના મુખમાં આવતાં આવતાં સહેજમાં બચી



ગયો. દેડકો નાસી ગયો. નાગે છલાંગ મારી અને દેડકાને પકડવા માટે ફેણથી પ્રહાર કર્યો તે જ ક્ષણે તેના મુખમાંથી થોડું ઝેર બહાર આવી ગયું. મુખમાંથી બહાર આવી ગયેલું ઝેર માનવની ખોપરીમાં, જેમાં સ્વાતિનક્ષત્રના વરસાદનું પાણી એકઠું થયું હતું, પડ્યું. રામદાસ તો આ જોઈને આનંદથી નાચી ઊઠ્યો. તે બોલ્યો-

"વાહ, મારા પ્રભુ ! વાહ, તારી કૃપા ! બધા જ સંયોગો અનુકૂળ થઈ ગયા."

રામદાસ તો તે ખોપરી તેમાંનું પાણી અને તેમાં રહેલું કાળા નાગનું ઝેર-આ બધું લઈને દોડતો દોડતો વૈદ્યરાજ પાસે પહોંચ્યો. રામદાસે વૈદ્યરાજને કહ્યું-

"વૈદ્યરાજ ! ભગવાનની કૃપાથી બધું જ શક્ય છે જુઓ ! તમે જે વસ્તુની માંગણી કરી હતી, તે વસ્તુ હાજર છે. બધા જ સંયોગો તમારા કહ્યા પ્રમાણે જ બન્યા છે અને તેથી તમે માગણી કરી હતી તે જ વસ્તુ ઉપલબ્ધ બની શકી છે."

આમ કહીને રામદાસે તે ખોપરી વૈદ્યરાજને આપી. વૈદ્યરાજે તેમાંથી તુરત ઔષધી તૈયાર કરી. ઔષધી રામદાસના બીમાર પુત્રને આપવામાં આવી. વૈદ્યરાજે કહ્યું હતું તે પ્રમાણે તે ઔષધીના સેવનથી રામદાસનો પુત્ર સાજોનરવો થઈ ગયો.

માનવીની બુદ્ધિને અશક્ય લાગે તે પણ ભગવાનની કૃપાથી શક્ય બને છે. પ્રકૃતિના નિયમો જીવોને લાગુ પડે છે. પરમાત્માને નહીં. નિયતિના બંધન માનવીને છે, પરંતુ પરમાત્માને નહીં, કારણ કે પરમાત્મા તો નિયંતા છે, નિયતિનો ઘડનાર છે. પરમાત્મા નિયમો બનાવે છે, તેથી નિયમોને અતિક્રમી પણ શકે છે.

પરમાત્માની કૃપાનો પ્રસાદ તેને મળે છે, જે કૃપા માગે છે અને જેને તેની કૃપા પર અવિચલ શ્રદ્ધા છે. પ્રભુમાં શ્રદ્ધા, પ્રભુની કૃપામાં શ્રદ્ધા પ્રભુની કૃપાને ખેંચી લાવે છે.

પાણી નીચાણ તરફ સ્વાભાવિક રીતે જ વહે છે. જ્ઞાન જિજ્ઞાસુ તરફ આપોઆપ વહેવા લાગે છે, તેમ ભગવાનની કૃપા શ્રદ્ધાળુ તરફ આપોઆપ વહેવા લાગે છે. કૃપાનું સામર્થ્ય એવું અમોઘ છે, કે તે અશકયવતને પણ શક્ય બનાવી દે છે.

મીરાંબાઈએ ઝેર પીધું, પ્રભુનું ચરણામૃત માનીને, પ્રભુની અમોઘ કૃપા પર અવિચલ શ્રદ્ધા રાખીને અને ઝેર તેમના માટે અમૃત બની ગયું. આ શક્ય કેવી રીતે બન્યું ? આ ચમત્કાર શ્રદ્ધાનો અને શ્રદ્ધા દ્વારા અવતરિત કૃપાનો ચમત્કાર છે.

દુર્ગા સપ્તશતીમાં શ્રદ્ધાને ભગવતીનું એક સ્વરૂપ ગણવામાં આવેલ છે.

**या देवी सर्वभूतेषु श्रद्धारुपेण संस्थिता ।**
**नमस्तस्यै !! नमस्तस्यै !! नमस्तस्यै !! नमो नमः !!**

**दुर्गासप्तशती; पू - ५०, ५१, ५२**

“જે દેવી સર્વભૂતોમાં શ્રદ્ધારૂપે રહેલાં છે, તેમને અમારા વારંવાર નમસ્કાર છે.”

ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતામાં કહે જ છે-

**श्रद्धावाँल्लभते ज्ञानं...!**

“શ્રદ્ધાવાન જ્ઞાન પ્રાપ્ત કરે છે.”

રામદાસની અવિચલ શ્રદ્ધાએ અશક્યવતને શક્ય બનાવી દીધું, તેમ કોઈ પણ વ્યક્તિની અવિચલ શ્રદ્ધા અશક્યવતને શક્ય બનાવી શકે છે.



# સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન

**—યોગેશ્વરજી**

આત્મવિકાસની સાધનામાં, નીતિનાં મૂળ તત્ત્વોનું અનુષ્ઠાન, દૈવી સંપત્તિની ખિલવણી અને ચારિત્ર્યશુદ્ધિ, બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એના પર સાધનાની આગળની સુદ્રઢ ઈમારતનો ઘણો આધાર રહે છે. નીતિમય જીવવું એટલે માનવતાથી સંપન્ન બનવું. વિશુદ્ધિ જીવન એના વિના ફાલીફૂલી નથી શકતું. છતાં માણસો એના પ્રત્યે દુર્લક્ષ સેવતા જોવામાં આવે છે. માણસ યોગી બને, ભક્ત બને કે તત્વજ્ઞ બને, પરંતુ તે માનવ મટી જાય તો શા કામનું ? જો તે આદર્શ માનવના ગુણધર્મોથી યુક્ત ન હોય અને બનવાની કોશિશ પણ ન કરતો હોય, તો તેવું યોગીપણું, ભક્તપણું કે તત્વજ્ઞપણું તેનું ભાગ્યે જ કલ્યાણ કરી શકે. સાધક કે સિદ્ધ થવું એટલે માનવ મટી જવું નથી, પરંતુ આદર્શ માનવ થવું એ છે, એ ખાસ યાદ રાખવાનું છે.

માણસને આજે આદર્શ માનવ થવાની સાધનાની સૌથી વધારે જરૂર છે. માણસ તરીકે કેમ જીવવું, રહેવું, વર્તવું, બોલવું ને ચાલવું તેની તાલીમ તેણે ખાસ લેવાની છે. આજે બધે નજર નાંખતાં શું જણાય છે ? નીતિ, સદાચાર, દૈવી સંપત્તિ અથવા તો માનવતાના પાયા હલી ઊઠ્યા છે અને વધારે ને વધારે હલતા જાય છે. સમાજના સઘળા સ્તરોમાં આ વસ્તુ સ્વાભાવિક કે સર્વવ્યાપક બની ગઈ છે. એના જેવું કરુણ બીજું કશું જ નથી. એટલે પોતાની ને બીજાની સુખાકારી માટે માણસે

નીતિમાન થવાનું છે. જીવનનાં બધાં ક્ષેત્રોમાં પવિત્રતા તથા પ્રામાણિકતાનો આધાર રાખવાનો છે. સદ્‌વિચાર, સમ્યક્ દર્શન અને સદાચારના હલી ઊઠેલા પાયાને મજબૂત કરવાના છે. કેમકે માનવ પાસે બધું હશે પરંતુ માનવતા જ નહીં હોય, તો તે બધાનો શો અર્થ ? તે બધું તેને શાંતિ નહીં આપી શકે અને તેના જીવનને જીવન પણ નહીં બનાવી શકે.

દેશને આજે ચારિત્ર્યશુદ્ધિની સાધનાની અનિવાર્ય આવશ્યકતા છે. જેમ દેશની ભૌતિક સંપત્તિ વધતી જાય તે દેશની રક્ષા તેમ જ સુખાકારી અને સુદ્રઢતા માટે આવશ્યક છે, તેમ પ્રજાનું ચારિત્ર્યબળ વધતું જાય એ વધારે આવશ્યક છે. દેશની સમૃદ્ધિ કે સુખાકારીનો મુખ્ય આધાર એના પર રહે છે. વ્યક્તિગત રીતે પણ જ્ઞાન, ભક્તિ, યોગ કે બીજી સાધનાની પ્રવૃત્તિમાં રસ લેનારે જીવનને સત્ય, પવિત્ર, પ્રેમ ને સેવાપરાયણ કરવાની જરૂર છે. એની તરફ આંખમીંચામણાં થશે તો સાધનાનો સાચો સ્વાદ નહીં મળી શકે. સાધના સ્વભાવનું, ટેવોનું અને સમસ્ત વ્યવહારનું શુદ્ધિકરણ કરાવનારી પ્રવૃત્તિ છે.

કેટલાક માણસો માને છે તેમ, સાધના કલાક-બે કલાક આસન પર બેસવા જેટલી મર્યાદિત નથી. અનુકૂળ સમયે સત્સંગ કરવામાં પણ એની પરિપૂર્ણતા નથી થતી. સાધના જીવનના પ્રત્યેક વ્યવહાર ને પાસામાં મળી જાય છે. જીવનની પ્રત્યેક વૃત્તિ તથા પ્રવૃત્તિમાં એની અસરનું દર્શન થાય છે. માણસો સાધના કરતી વખતે અને સ્વાધ્યાય કે સત્સંગ કરતી વખતે જુદાં દેખાય છે; એ વખતે શાંતિ તથા સાત્વિકતાથી સંપન્ન લાગે છે;



પરંતુ સાધના, સ્વાધ્યાય કે સત્સંગમાંથી ઊઠીને વ્યાવહારિક જીવનમાં પડે છે ત્યારે તેમનું સ્વરૂપ બદલાઈ જાય છે, તેમના રૂપરંગમાં ફેર પડે છે અને એ અહંકાર, દંભ, છળકપટ, અનીતિ અને કામક્રોધને પણ વશ થતા હોય છે.

એના વિચાર અને આચારમાં અથવા વાણી અને વર્તનમાં એકવાક્યતા નથી દેખાતી. એક બાજુ એના પૂજાપાઠ ચાલે છે, જપતપ થયા કરે છે, દેવદર્શન, કથાશ્રવણ, પ્રવચન ને સંકીર્તન ચાલે છે; આસન, પ્રાણાયામ તથા ધ્યાન જેવો યોગાભ્યાસ થતો હોય છે; ગીતા, રામાયણ, ભાગવત જેવાં પુસ્તકોનું પારાયણ થાય છે અને સંતસમાગમ તથા તીર્થાટનની પરંપરા ચાલે છે, તો બીજી બાજુ એની સાથેસાથે અન્યાય અને અનીતિનો આધાર પણ લેવાતો હોય છે; દુર્ગુણો, વ્યસનો ને દુર્વ્યવહારો પણ પોતાનું કામ કરતા હોય છે. જે સાધના કે સ્વાધ્યાય કરવામાં આવે છે તેનાથી સ્વભાવની શુદ્ધિ નથી સધાતી. સાધના તેમ જ વ્યવહાર વચ્ચે આકાશપાતાળનું અંતર રહે છે. વ્યવહાર અને સાધના અથવા તો આચાર અને વિચાર વચ્ચેનો આ ભેદ ભારે કરુણ અને અશાંતિદાયક છે. એ ભેદનું કારણ છે મનની નબળાઈ અને જીવનની શુદ્ધિના આગ્રહનો અભાવ. એ નબળાઈને લીધે માનવનું જીવન એ પૃથક્-પૃથક્ પ્રવાહોમાંથી વહી રહ્યું છે. એને લીધે એના જીવનમાં શાંતિ નથી, સ્થિરતા નથી. હાથીના બે દાંતની જેમ એના પણ દેખાડવાના ને ચાવવાના દાંત જુદા છે : કહેવાની વાત એક છે અને કરવાની જુદી છે. આ કરુણ પરિસ્થિતિનો અંત આણ્યે જ છૂટકો છે. સાધના એમાં સહાયભૂત બનશે, ઉપયોગી સાબિત થશે.

સાધનાને રોજિંદા જીવનમાં કેવી રીતે ચરિતાર્થ કરી શકાય અથવા તો રોજના વ્યાવહારિક જીવનને સાધનાપરાયણ બનાવીને સાધનામય કેવી રીતે બનાવી શકાય, તે કળાને જાણી લેવી જોઈએ. મારી પોતાની વાત જ કરું તો તે વધારે બંધબેસતી, ઉચિત અને ઉપયોગી થઈ પડશે. મારું રોજિંદુ જીવન અને એ જીવનની નાનીમોટી, સાધારણ ક્રિયાઓ સાધનામય કેવી રીતે થઈ શકી છે તે કહી બતાવું ? ગમે ત્યાં સ્નાન કરતો હોઉં તો પણ ભાવનાના બળથી હું સમસ્ત ભારતવર્ષ તથા તેની બધી નદીઓ સાથે સંબંધ સાધી લઉં છું. મન દ્વારા પ્રાતઃસ્મરણીય ઋષિવરે આપેલા પેલા શ્લોકનું સ્મરણ કરી લઉં છું. એટલે ભારતની બધી જ નદીઓ તેમજ સમસ્ત ભારત સાથે ભાવાત્મક એકતા સ્થપાઈ જાય છે. આ રહ્યો એ શ્લોક :

**गंगे च यमुने चैव गोदावरी सरस्वती।**
**नर्मदे सिंधु कावेरी जलेस्मिन्सन्निधिं कुरु॥**

ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ તથા કાવેરી આ પાણીમાં પ્રત્યક્ષ બનો !

ફક્ત સ્નાન કરતી વખતે જ નહીં, પરંતુ પાન કરતી વખતે પણ આવી ભાવનાનો આધાર લઈને ઉત્તમ સરિતાના સ્નાન તથા પાનનો લાભ લઈ શકાય છે. ભાવનાનું મહત્ત્વ જીવનમાં ઘણું મોટું છે એ તો સૌ કોઈને ખબર છે.

જમતી વખતે પણ એવી જ ભાવના કરી શકાય છે, પરંતુ જરા જુદી રીતે. ભોજનની જે થાળી આપણી આગળ પડી છે તે પરમાત્માના પ્રસાદરૂપ છે. તે ભોજન ખાવાથી ઉત્તમ લોહી બનશે, શક્તિ પેદા થશે, બુદ્ધિ પ્રકટશે, અને એની મદદથી



પોતાના ને બીજાના જીવનને ઉજ્જવળ કરવા માટેની પ્રવૃત્તિ થશે, એવા ભાવપૂર્વક ભોજન કરવાથી, કેવળ શરીરસંપત્તિને વધારવા માટે કરાતી બહારથી સાવ સાધારણ દેખાતી જમવાની ક્રિયા મન અને અંતરને પ્રેરણાં પૂરી પાડનારી અસાધારણ સાધના બની જાય છે, અને અનેરો આનંદ આપે છે. સૂતી વખતે પણ પરમાત્માના અંકમાં આરામ કરતા હો એવા ભાનપૂર્વક સૂઈને, સૂવાની ક્રિયાઓ શાંતિમય સાધનાનું સ્વરૂપ આપી શકાય છે.

લખવાની ક્રિયા સાવ સાધારણ ક્રિયા કહી શકાય. તેમાં પરિશ્રમ પણ ઘણો પડે છે. છતાં તેનો સંબંધ સાધના સાથે જોડી દેવાથી મને તેનો શ્રમ, થાક કે કંટાળો નથી લાગતો. હાથમાં કલમ ને કાગળ લઈને બેસું છું ત્યારે મારી આંખ આગળ હજારો માણસો આવે છે. તેમને મારા લખાણમાંથી પ્રેરણા અને પ્રકાશ મળે છે તે હું જાણું છું. તેનું સ્મરણ થતાં મારી અંદર ઉત્સાહ પ્રકટે છે, અને થાય છે કે લોકહિતના એક મહાન યજ્ઞમાં હું સામેલ થઈ રહ્યો છું, જે યજ્ઞની કિંમત મહારુદ્ર કે શતચંડી કરતાં જરા પણ ઓછી નથી. તેની સાથે હું પરમાત્માને પ્રાર્થના કરું છું કે તમે લખો. શક્તિ બધી તમારી જ છે, અને હું તો માત્ર વાહન છું. એટલે પરમાત્માની કૃપાથી કલમ ચાલવા માંડે છે. ભાવના એવી રીતે જીવનમાં જાદુ ભરે છે, અવનવો રસ રેડે છે, તેમ જ શક્તિસંચાર કરે છે. ઈશ્વર સાથેના અનુસંધાનમાં મદદ કરે છે. અને એને લીધે લેખનની નાનીસરખી ક્રિયા પરમાત્માના પરમસાગરમાં સમાઈ જનારી મહાન સાધનાસરિતા બને છે. બીજાને માટે આવું થાય છે કે નહીં તેની મને ખબર નથી પરંતુ

મારે માટે તો આવું હંમેશા બને છે.

આ તો મેં માત્ર બે-ત્રણ ઉદાહરણ જ આપ્યાં છે, પરંતુ એનો આધાર લઈને તમે પણ જીવનને સાધનામય કરી શકો છો. ક્રિયા ગમે તેટલી નાની હોય પરંતુ ભાવના તેને મહાન બનાવે છે. ભાવનાની જ કિંમત છે. એ ભાવનાની કળામાં કુશળ થઈ જાઓ તો સાધના તમારા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ સાથે સંમિશ્રિત થઈ જશે ને તમને શાંતિ આપશે.

મળત્યાગ કરવાની ક્રિયા બહારથી જોતાં કેટલી બધી સાધારણ છે ? પરંતુ ભાવનાનો સંપર્ક સાધીને તમે તેને અસાધારણ બનાવી શકો છો. મળત્યાગ કરતી વખતે તમે વિચાર કરી શકો છો કે શરીર કેટલું બધું ગંદુ છે ? ઉપરથી જોતાં તે સારું લાગે છે, બાકી ગંદકી તો એની અંદર ક્ષણેક્ષણે ઉત્પન્ન થયા કરે છે. એની અંદર જે પરમાત્માનો પરમ પ્રકાશ છે તેને લીધે જ એનું મહત્ત્વ છે. અસ્તિત્ત્વ છે અને એની કિંમત છે. બાકી કોઈ એના તરફ દ્રષ્ટિપાત પણ ન કરે. આવા શરીરમાં મમતા રાખવી અથવા આસક્તિ કરવી નકામી છે. એની સંભાળ રાખીને તથા એને સ્વસ્થ અને સુદ્રઢ બનાવીને, એની મારફત બીજાને ઉપયોગી થવું તેમ જ પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એ જ બરાબર છે. એ જ એનો સદુપયોગ છે. માટે એનો અંત આવી જાય તે પહેલાં તેને માટે પ્રયાસ કરવો જોઈએ. આવા મલિન, ક્ષણભંગુર અને રોગના ઘર જેવા શરીરમાં મોહિત થઈને, ભાન ભૂલીને, કુકર્મ ન કરવાં જોઈએ. એવી રીતે વિચાર કરો અને એ વિચાર પ્રમાણે વર્તો, તો મળત્યાગની સાધારણ ક્રિયા તમારે માટે સાધના બની જશે. તમારી આંખ જો



ઉઘાડી હોય તો જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં, ડગલે ને પગલે તમારે માટે મહામૂલ્યવાન ને પ્રેરક પદાર્થપાઠ પડેલા છે. તમારે તેનો લાભ લેતાં શીખવાનું છે એટલું જ.

જીવનમાં જ્યાં છો ત્યાં રહીને, અને જે પ્રવૃત્તિ કરો છો તે કરતાં રહીને તમે એવી રીતે આત્મવિકાસની સાધના કરી શકો છો. યાદ રાખો કે પ્રવૃત્તિ ખરાબ નથી; પરંતુ ભાવનારહિત થઈને આંધળી પ્રવૃત્તિ કરવામાં આવે તે ખરાબ છે. માટે સદ્‌ભાવનાને તમારી પ્રત્યેક પ્રવૃત્તિનો પ્રાણ બનાવી દો તો પ્રવૃત્તિ જ સાધના બની જશે. બનાર્ડ શૉએ એક ઠેકાણે કહ્યું છે કે આજના યુગની એક સારામાં સારી વસ્તુ એ છે કે માણસ ધનની મહત્તા સમજ્યો છે, પરંતુ ધન પ્રાપ્તિનાં પ્રામાણિક સાધનો તથા ધનના સદુપયોગની મહત્તા નથી સમજ્યો. આજના યુગની આ મોટામાં મોટી ત્રુટિ છે. ધનને ઘણું વધારે મહત્ત્વ આપી દેવામાં આવ્યું છે, તેને સર્વોપરી પદ પ્રાપ્ત થયું છે, ને તેના સંચય માટેની સ્પર્ધા ને લાલસામાં માનવજીવનનું મહામૂલું મહત્ત્વનું ધ્યેય ભૂલી જવાયું છે. સાધના કે પ્રવૃત્તિ કેવળ ધનસંચય પૂરતી જ સીમિત રહી છે. એ વૃત્તિ કે પ્રવૃત્તિને આદર્શ અથવા તો અભિનંદનીય કેવી રીતે કહી શકાય ? માનવના જીવનનું ધ્યેય ધનસંગ્રહ કરતાં કરોડોગણું વધારે કીંમતી છે. એ જીવનમાં ધન આવશ્યક છે. પરંતુ ધનને જે રાજાપાઠ આપવામાં આવે છે તે બરાબર નથી. ધન કદી મુખ્ય અભિનેતા ન થઈ શકે. જીવનને ઉજ્જવળ કરવાની ઈચ્છાવાળાં માણસોએ આ વસ્તુ ખાસ યાદ રાખવાની છે.

જો તમે દાક્તર હો તો દરદીને ઈશ્વરના પ્રતિનિધિરૂપ માનો,

માનવના રૂપમાં રહેલા દેવતા સમજો, અને એની સાથે સ્નેહ, સદ્‌ભાવ, સૌજન્ય ને મીઠાશથી ભરેલો વ્યવહાર કરો. દરદીનું કેટલુંક દુઃખ તમારા માનવતાપૂર્ણ વ્યવહારથી જ ઓછું થઈ જશે, ને બીજું કેટલુંક દવાથી. ગરીબ અને અસહાયની મફત શુશ્રૂષા કરવામાં આનંદ માનો. ધનની તરફ જ દ્રષ્ટિ રાખીને દાક્તર તરીકેનું કામ ન કરતા. વધારે ધ્યાન ધન કમાવા તરફ નહીં, પરંતુ દરદને દૂર કરવા તરફ આપજો, તો દાક્તર તરીકેનું કામ કરતાં-કરતાં પણ, જીવનના વિકાસના ક્ષેત્રમાં આગળ વધી શકશો. દાક્તરનો વ્યવસાય તમારે માટે સાધનાની પ્રવૃત્તિ જેવો બની રહેશે અને દવાખાનું કે હોસ્પિટલ સાધનામંદિર જેવી મંગલ થશે.

વકીલોએ પણ એ જ વાત યાદ રાખવાની છે. વકીલોનું ધ્યેય લોકોની પાસેથી મોટી ફી લેવાનું જ ન હોય; સત્યના આગ્રહ, સંસ્થાપન તેમ જ જીવનની ઉન્નતિ માટેનું પણ હોય. જે ઉન્નતિ દૈવી સંપત્તિનો ઘાત કરીને કે માનવતાને મારી નાંખીને, માનવ મટી જઈને કરવામાં આવે છે, તે સાચી ઉન્નતિ નથી, અને કોઈનું કલ્યાણ નથી કરી શકતી. ઉન્નતિ એટલે કેવળ મોટર, બંગલા, નોકરચાકર ને પ્રતિષ્ઠા નથી, પરંતુ આત્માની શાંતિ છે, મનની સ્થિરતા કે શુદ્ધિ છે, ઈન્દ્રિયોનો સંયમ ને વિજય છે, સદ્‌ગુણોની પ્રતિષ્ઠા છે, સેવા છે તથા પરમાત્માના સાક્ષાત્કાર માટેનો પુરુષાર્થ છે.

લેખક, પ્રકાશક ને શિક્ષક પણ પોતપોતાના પ્રવૃત્તિક્ષેત્રને સાધનામય બનાવી શકે છે. લેખક, પ્રકાશક ને શિક્ષક પોતાની જવાબદારી સમજે, અને પ્રજાના ઘડતરની જે વિશાળ તક



પોતાને પ્રાપ્ત થઈ છે તેનો વિચાર કરીને સરસ રીતે વિનિયોગ કરે. તેવી જ રીતે વેપારીનું પણ સમજી લેવાનું છે. વેપારી ફક્ત ધન એકઠું કરવા માટે જ નથી બેઠો, તે લોકોનો સેવક છે માટે પ્રામાણિકતા સાચવવી જોઈએ, નફાખોરી છોડવી જોઈએ; ભેળસેળમાંથી મુક્તિ મેળવવી જોઈએ, અને ગ્રાહકો સાથે ઉત્તમ પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ. સેવકો, અમલદારો, પ્રધાનો અને નેતાઓએ પણ એ જ બોધપાઠ લેવાનો છે. સૌનો આગ્રહ તેમ જ પ્રયત્ન જીવનને ઉદાત્ત, પ્રામાણિક કે સ્વચ્છ કરવા તરફ ધ્યાન આપવું જોઈએ. એમ થાય તો સાધના આપણે માટે નદી કે પર્વતના પ્રદેશમાં ને વૃદ્ધાવસ્થામાં કરવાની વસ્તુ ન રહે. જીવન સાથે તે એકરૂપ થઈ જાય. ઘરમાં, સમાજમાં, દુકાનમાં, ઑફિસમાં કે બીજે બધે જ કરવાની વસ્તુ બની જાય. એને પરિણામે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ વધારે ને વધારે પ્રાણવાન બને અને આપણા જીવનમાં જે ઊંડો અસંતોષ અને અનર્થનો અસુર ફરી વળ્યો છે તે દૂર થાય. કલ્પના કરો કે જીવન ને જગત કેટલું બધું જીવવા જેવું બની જાય !

**★ સુખી જીવન માટેના ઉપાય ★**

—વર્તમાન કાળનો ઉત્તમ ઉપયોગ.

—વિચાર, વાણી અને વર્તનમાં નિર્મળતા.

—નબળા વિચારો નહિ, દુઃખને વાગોળવું નહિ.

—ક્રોધ અને હુંપદનો સંગ નહિ.

—પરનિંદામાં રસ નહિ, લોભની દોસ્તી નહિ.

—સાદુ અને સંયમી જીવન.

# ઉત્તમ ભાવનાથી કર્મનું સ્વરૂપ બદલાઈ જાય

વિનોબા ભાવે

આપણું રોજનું ઘડીઘડીનું જીવન સાદું દેખાય છે ખરૂં, પણ સાદું નથી. તેમાં ઊંડો અર્થ સમાયેલો છે. આખુંયે જીવન એક મહાન યજ્ઞકર્મ છે. તમારી ઊંઘ તે પણ એક સમાધિ છે. સર્વ ભોગ ઈશ્વરને અર્પણ કર્યા પછી જે નિદ્રા આપણે લઈએ તે સમાધિ નથી તો બીજું શું છે? આપણામાં સ્નાન કરતી વખતે પુરુષસૂક્ત બોલવાનો રિવાજ છે. આ પુરુષસૂક્તનો સ્નાનની ક્રિયાની સાથે શો સંબંધ છે? સંબંધ જોશો તો દેખાશે. જેના હજાર હાથ છે, જેના હજાર આંખો છે એવા એ વિરાટ પુરુષનો મારા નાહવાની સાથે સંબંધ શો? સંબંધ એ કે તું જે કળશિયો પાણી તારા માથા પર રેડે છે તેમાં હજારો ટીપાં છે. તે ટીપાં તારું માથું ધુએ છે, તને નિષ્પાપ કરે છે. તારા માથા પર ઈશ્વરનો એ આશીર્વાદ ઊતરે છે. પરમેશ્વરના સહસ્ત્ર હાથમાંની સહસ્ત્રધારા જાણે કે તારા પર વરસે છે. પાણીનાં બિંદુને રૂપે ખુદ પરમેશ્વર જાણે કે તારા માથામાંનો મળ દૂર કરે છે. આવી દિવ્ય ભાવના એ સ્નાનમાં રેડો. પછી તે સ્નાન જુદુ જ થઈ રહેશે. તે સ્નાનમાં અનંત શક્તિ આવશે.

કોઈપણ કર્મ તે પરમેશ્વરનું છે એ ભાવનાથી કરવાથી સાદું સરખું હોય તો પણ કર્મ પવિત્ર બને છે. આ અનુભવની વાત છે. આપણે ઘેર આવનારો પરમેશ્વર છે એવી ભાવના એક વાર



કરી તો જુઓ. સામાન્ય રીતે એકાદ મોટો માણસ ઘેર આવે છે તોયે આપણે કેટલી સાફસૂફી કરીએ છીએ અને કેવી રૂડી રસોઈ બનાવીએ છીએ? તો પછી આવનારો પરમેશ્વર છે એવી ભાવના કરશો તો બધી ક્રિયાઓમાં કેટલો બધો ફરક પડશે વારૂ? કબીર કાપડ વણતા. તેમા તે તલ્લીન થઈ જતા. **ઝીની ઝીની ઝીની ઝીની બિની ચદરિયા** એવું ભજન ગાતા ગાતા તે ડોલતા. પરમેશ્વરને ઓઢાડવાને માટે જાણે કે પોતે ચાદર વણે છે. ઋગ્વેદનો ઋષિ કહે છે, **'વસ્ત્રેવ ભદ્રા સુકૃતા વસૂયુઃ'** 'આ મારા સ્તોત્રથી, સુંદર હાથે વણાયેલા વસ્ત્રની માફક હું ઈશ્વરને શણગારૂં છું.' કવિ સ્તોત્ર રચે તે ઈશ્વરને સારું અને વણકર વસ્ત્ર વણે તે પણ ઈશ્વરને સારું. કેવી હૃદયંગમ કલ્પના છે ! કેટલો હૃદયને વિશુદ્ધ કરનારો, હૃદયને ભાવથી ભરી દેનારો વિચાર છે ! આ ભાવના એક વાર જીવનમાં કેળવાય પછી જીવન કેટલું બધું નિર્મળ થઈ જાય ! અંધારામાં વીજળી ચમકતાંની સાથે તે અંધારાનો એક ક્ષણમાં પ્રકાશ બને છે કે? ના. એક ક્ષણમાં બધું અંતર્બાહ્ય પરિવર્તન થઈ જાય છે. એ જ પ્રમાણે દરેક ક્રિયા ઈશ્વરની સાથે જોડી દેતાની સાથે જીવનમાં એકદમ અદભૂત શક્તિ આવી વસે છે. પછી હરેક ક્રિયા વિશુદ્ધ થવા માંડશે. જીવનમાં ઉત્સાહનો સંચાર થશે. આજે આપણા જીવનમાં ઉત્સાહ ક્યાં છે? આપણે મરવાને વાંકે જીવીએ છીએ. ઉત્સાહનો બધે દુકાળ છે. આપણું જીવવું રોતલ, કળાહીન થઈ ગયું છે. પણ બધી ક્રિયાઓ ઈશ્વરની સાથે જોડવાની છે એવો ભાવ મનમાં કેળવો. તમારું જીવવું પછી

રમણીય અને વંદનીય થઇ જશે.

પરમેશ્વરના એક નામથી જ એકદમ પરિવર્તન થાય છે એ બાબતમાં શંકા ન રાખશો. રામ કહેવાથી શું વળશે એમ કહેશો મા. એક વાર બોલી જુઓ. કલ્પના કરો કે સાંજે કામથી પરવારીને ખેડૂત ઘરે પાછો ફરે છે. રસ્તામાં તેને કોઇ વટેમાર્ગુ મળે છે. ખેડુત વટેમાર્ગુને કહે છે, **चाल घरा उभा राहें नारायणा** 'અરે વટેમાર્ગુ ભાઇ, અરે નારાયણ, થોભ, હવે રાત પડવા આવી છે. હે ઈશ્વર, મારે ઘેર ચાલ.' એ ખેડૂતના મોમાંથી આ શબ્દો એક વાર નીકળવા દો તો ખરા. પછી તમારા એ વટેમાર્ગુનું સ્વરૂપ પલટાઇ જાય છે કે નહીં તે જુઓ. તે વટેમાર્ગુ વાટમારૂ હશે તોયે પવિત્ર બનશે. આ ફરક ભાવનાથી પડે છે. જે કાંઇ છે તે બધું ભાવનામાં ભરેલું છે. જીવન ભાવનામય છે. વીસ વરસનો એક પારકો છોકરો પોતાને ઘેર આવે છે. તેને બાપ કન્યા આપે છે. તે છોકરો વીસ વરસનો હશે તોયે પચાસ વરસની ઉંમરનો તે દીકરીનો બાપ તેને પગે પડે છે. આ શું છે? કન્યા અર્પણ કરવાનું એ કાર્ય મૂળમાં જ કેટલું પવિત્ર છે? તે જેને આપવાની છે તે ઈશ્વર જ લાગે છે. જમાઇની બાબતમાં, વરરાજાની બાબતમાં આ જે ભાવના છે, તે જ વધારે ઊંચી લઇ જાઓ, વધારો.

કોઇ કહેશે, આવી આવી ખોટી કલ્પના કરવાનો શો અર્થ? ખોટીખરી પહેલાં બોલશો નહિ. પહેલાં અભ્યાસ કરો, અનુભવ કરો, અનુભવ લો. પછી ખરૂં ખોટું જણાશે. પેલો વરદેવ પરમાત્મા છે એવી ખાલી શાબ્દિક નહિ પણ સાચી ભાવના તે



કન્યાદાનમાં હોય તો પછી કેવો ફેર પડે છે તે દેખાઇ આવશે. આ પવિત્ર ભાવનાથી વસ્તુનું પહેલાંનું રૂપ અને પછીનું રૂપ એ બંને વચ્ચે જમીનઆસમાનનો ફેર પડી જશે. કુપાત્ર સુપાત્ર થશે. વાલિયા ભીલનું એવું જ નહોતું થયું? વીણા પર આંગળી ફરે છે, મોઢે નારાયણ નામ ચાલે છે, અને મારવાને ધસી જાઉં છું તોયે એની શાંતિ ડગતી નથી. ઊલટું પ્રેમભરી આંખોથી જુએ છે. આવો દેખાવ વાલિયાએ પહેલાં કદી જોયો નહોતો. પોતાની કુહાડી જોઇને નાસી જનારાં, અથવા સામો હુમલો કરનારાં એવાં બે જ પ્રકારનાં પ્રાણી વાલિયા ભીલે તે ક્ષણ સુધીમાં જોયાં હતાં. પણ નારદે ન તો સામો હુમલો કર્યો, ન તો તે નાઠા. તે શાંત ઊભા રહ્યા. વાલિયાની કુહાડી અટકી ગઇ. નારદની ભ્રમર સરખી હાલી નહિ. આંખ મીંચાઇ નહિ. મધુરું ભજન ચાલ્યા કરતું હતું. નારદે વાલિયાને કહ્યું, 'કુહાડી કેમ અટકી પડી?' વાલિયાએ કહ્યું, 'તમને શાંત જોઇને.' નારદે વાલિયાનું રૂપાંતર કરી નાખ્યું. એ રૂપાંતર ખરૂં કે ખોટું?

ખરેખર કોઇ દુષ્ટ છે કે કેમ તેનો નિર્ણય કોણ કરશે? ખરેખરો દુષ્ટ સામો ઊભો રહ્યો હોય તો પણ તે પરમાત્મા છે એવી ભાવના રાખો. તે દુષ્ટ હશે તોયે સંત બનશે. તો શું ખોટી ખોટી ભાવના રાખવી? હું પૂછું છું કે તે દુષ્ટ જ છે એની કોને ખબર છે? 'સજ્જન લોકો જાતે સારા હોય છે એટલે તેમને બધું સારૂં દેખાય છે, પણ વાસ્તવિક તેવું હોતું નથી,' એમ કેટલાક કહે છે. ત્યારે શું તને જેવું દેખાય છે તે સાચું માનવું? સૃષ્ટિનું સમ્યક જ્ઞાન મેળવવાનું સાધન જાણે માત્ર દુષ્ટોના હાથમાં જ છે?

સૃષ્ટિ સારી છે પણ તું દુષ્ટ હોવાથી તને તે દુષ્ટ દેખાય છે એમ કેમ ન કહેવાય? અરે, આ સૃષ્ટિ તો અરિસો છે. તું જેવો હશે તેવો સામેની સૃષ્ટિમાં તારો ઘાટ ઊઠશે. જેવી આપણી દૃષ્ટિ તેવું સૃષ્ટિનું રૂપ. એટલા માટે સૃષ્ટિ સારી છે, પવિત્ર છે એવી કલ્પના કરો. સાદી ક્રિયામાં પણ એ ભાવના રેડો, પછી કેવો ચમત્કાર થાય છે તે જોવા મળશે. ભગવાનને પણ એ જ કહેવું છે,

**जें खासी होमिसी देसी जें जें आचरिसी तप ।**
**जें कांही करिसी कर्म तें करीं मुज अर्पण ॥**

**જે કરે ભોગવે વા જે, જે હોમે દાન જે કરે,**
**આચરે તપ ને વા જે, કર અર્પણ તે મને.**

અમારી મા નાનપણમાં એક વાર્તા કહેતી. તે વાર્તા આમ તો ગમ્મતની છે પણ તેમાં રહેલું રહસ્ય બહુ કીમતી છે. એક હતી બાઇ. તેણે નક્કી કર્યું હતું કે જે કંઇ થાય તે કૃષ્ણાર્પણ કરવું. એઠવાડ ઉપર છાણનો ગોળો ફેરવી તે ગોળો બહાર ફેંકી દે ને કૃષ્ણાર્પણ બોલે. તાબડતોબ તે છાણનો ગોળો ત્યાંથી ઊડીને મંદિરમાંની મૂર્તિને મોંએ જઇને ચોંટી જાય. પૂજારી બિચારો મૂર્તિ ઘસીને સાફ કરતો કરતો થાક્યો. પણ કરે શું? છેવટે તેને ખબર પડી કે આ મહિમા બધો પેલી બાઈનો છે. તે જીવતી હોય ત્યાં સુધી મૂર્તિ સાફ થવાની વાત ખોટી. એક દહાડો બાઇ માંદી પડી. મરણની છેલ્લી ઘડી પાસે આવી. તેણે મરણ પણ કૃષ્ણાર્પણ કર્યું. તે જ ક્ષણે દેવળમાં મૂર્તિના કકડા થઇ ગયા. મૂર્તિ ભાંગીને પડી ગઇ. પછી ઉપરથી બાઈને લઇ જવાને માટે વિમાન આવ્યું. બાઈએ વિમાન પણ કૃષ્ણાર્પણ કર્યું. એટલે વિમાન સીધું મંદિર



પર જઇ ધડાકા સાથે અફળાયું ને તેના પણ ફૂરચેફૂરચા ઊડી ગયા. શ્રીકૃષ્ણના ધ્યાનની આગળ સ્વર્ગની જરા સરખીયે કિંમત નથી.

વાતનો સાર એટલો કે જે જે સારાં—નરસાં કર્મો હાથથી થાય તે તે ઈશ્વરાર્પણ કરવાથી તે કર્મોમાં કંઇક જુદું જ સામર્થ્ય પેદા થાય છે. જુવારનો પીળાશવાળો ને સહેજ રતાશ પડતો દાણો હોય છે, પણ તેને શેકવાથી કેવી મજાની ધાણી ફૂટે છે! સફેદ, સ્વચ્છ, આઠ ખૂણાળી, ધોબીને ત્યાંથી ગડી વાળીને આણી હોય તેવી દમામદાર ધાણીને પેલા અસલ દાણાની પાસે મૂકી જુઓ વારૂ. કેટલો ફેર! પણ તે દાણાની જ એ ધાણી છે એમાં કંઇ શંકા છે કે? આ ફરક એક અગ્નિને લીધે પડ્યો. તેવી જ રીતે એ કઠણ દાણાને ઘંટીમાં ઓરી દળો એટલે તેનો મજાનો નરમ લોટ થશે. અગ્નિની આંચથી ધાણી બની, ઘંટીનાં સંપર્કથી નરમ લોટ થયો. એ જ પ્રમાણે આપણી નાની નાની ક્રિયાઓ પર હરિસ્મરણનો સંસ્કાર કરો એટલે તે ક્રિયા અપૂર્વ બની રહેશે. ભાવનાથી ક્રિયાની કિંમત વધે છે. પેલું નકામા જેવું જાસવંતીનું ફૂલ, પેલો બીલીનો પાલો, પેલી તુળસીના છોડની મંજરી, અને પેલી દરોઇ, એ બધાંને નજીવાં માનશો નહીં. **'तुका म्हणे चवी आलें । जें का मिश्रित विठ्ठलें'** 'તુકારામ કહે છે કે જે કંઇ વિઠ્ઠલ સાથે ભળ્યું તેમાં સ્વાદ પેઠો જાણવો.' દરેક વાતમાં પરમાત્માને ભેળવો અને પછી અનુભવ લો. આ વિઠ્ઠલના જેવો બીજો કોઇ મસાલો છે ખરો કે? તે દિવ્ય મસાલા કરતાં બીજું વધારે સારૂં શું લાવશો? ઈશ્વરનો મસાલો દરેક ક્રિયામાં નાખ એટલે બધુયે રૂચિકર અને સુંદર બનશે.